

# અધ્યાત્મ


વર્ષ : ૧૯

સપ્ટેમ્બર–૧૯૯૮

અંક : ૧૨

## * મનને નિયમથી બાંધો *

ઘણા ઘણા જન્મોથી આપણે ભટક્યા જ કરીએ છીએ ભવાટવિમાં. હવે જો ઠેકાણેસર પડવું હોય તો મનને આપણે દંડ દેવો પડશે. આપણું મન જો સત્કર્મ ન કરે તો. જેથી એ જાગૃત થઇ જાય. નહીં તો બહુ જ પ્રમાદી છે—મનજીરામ. આજે જપ કરશે પા કલાક, કાલે જપ કરશે અડધો કલાક, પરમ દિવસે જપ બિલકુલ નહીં કરે અને ચોથે દિવસે વળી બે બે કલાક સુધી જપ કર્યા કરશે. એટલા માટે તેને અનુશાસનથી બાંધજો. કાં તો સંખ્યાનું અનુશાસન રાખજો—આટલી માળા, આટલા જપ રોજ કરવા. કાં તો સમયનું બંધન રાખો—કલાક સુધી જપ કરવા જ, કલાક સુધી ધ્યાન ધરવું જ. દોઢ—બે કલાક બેસવું જ. જો નિયમ પળાય નહીં, નિયમમાં ભંગ થાય તો સાથે દંડ પણ રાખજો, તો જ મન ઠેકાણે પડશે. મંત્રના જપ કરતાં કરતાં ધીરે ધીરે પ્રેમ પ્રગટ થાય છે, પ્રેમ બળવાન બનતો ચાલે, મન એકાગ્ર પણ થતું ચાલે, અને એના પરિણામે પછીથી પરમાત્માના અનુગ્રહનો અનુભવ પણ આપણે માટે સહજ બની જાય છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪—૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫—૦૦

વિદેશમાં રૂા. ૨૦૦—૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર—૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમદાવાદ ખાતે પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૯ |
| અમૃતપળોનો આસ્વા-૨ (એ) | ગોરધનભાઇ કલોલા | ૧૪ |
| પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની જન્મભૂમિ સરોડામાં રોગનિદાન યજ્ઞ | નારાયણ હ. જાની | ૨૧ |
| અધ્યાત્મનું લવાજમ | તંત્રી | ૨૮ |
| નવરાત્રિ જપયજ્ઞનો કાર્યક્રમ | તંત્રી | ૨૯ |
| મને હું.... | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૦ |
| દિલાસો | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૩૧ |
| સ્વામી શિવાનંદ શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | યશસ્વીભાઇ ય. મહેતા | ૩૫ |
| પ્રશ્નોત્તરી-૧ | મહાત્મા યોગેશ્વરજી | ૪૨ |
| શ્રી ઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૯ સપ્ટેમ્બર-૧૯૯૮ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૨૬-૬-૮૧, શુક્રવાર, જેઠ વદ નોમ, ૨૦૩૭**

**સ્થળ : માઉન્ટ આબુથી વિદાય**

સવારે સમયસર જીપ આવી ગઇ. જીપમાં ડ્રાયવરની પાસે ત્રણ સીટના પૈસા ભરીને પૂ. શ્રી સર્વેશ્વરી સાથે બેસે છે. પાછળ જીપના ડ્રાયવરે લગભગ આઠ નવ મુસાફરો લીધા હતાં જીપ ઘણી સારી હતી, જેથી ૦।। કલાકમાં તો આબુરોડ આવી ગયા. ત્યાં થોડીવાર જીપ ઊભી રહી. લગભગ ૯ વાગે અમે અંબાજી આવી ગયા.

અંબાજીના બસસ્ટેન્ડપર સામાન સાથે વિજયભાઇ ઊભા રહ્યા. પૂ. શ્રી સાથે સર્વેશ્વરી ને શ્રી કલ્યાણ યોગ્ય ઊતારાની શોધમાં નીકળ્યા. સૌ પ્રથમ અંબિકા વિશ્રામગૃહનું સ્થાન જ્યાં અંબાજીના મંદિરનો જ વહીવટ થાય છે તે જોયું.

દશ જ રૂપિયામાં પૂરતા હવાપ્રકાશ ને શાંતિવાળું આ સ્થળ પૂ. શ્રીને ગમી ગયું. રૂમ પણ ઘણો મોટો ને સ્વચ્છ હતો. જેથી અહીં ગોઠવાયા. રૂમનો નંબર એ/૧૦ હતો. પૂ. શ્રીની બાજુમાં જ શ્રી કલ્યાણ ને શ્રી વિજયભાઈનો ઉતારો રહ્યો.

પૂ. શ્રીએ આબુથી આવતાં જ માર્ગમાં જપ કરી લીધા હતાં. સર્વેશ્વરી પણ રોજનો નિયમ માર્ગમાં જ પૂર્ણ કરી લે છે.

અંબિકા વિશ્રામગૃહનો આ ઓરડો પહેલે માળે છે. ત્યાં ત્રણ પલંગો હતા. એક પલંગ પર પૂ. શ્રીની બે નાનકડી કાળી બેગ મૂકવામાં આવી. એક બેગમાં કપડાં ને બીજી બેગમાં લેખનકાર્યનું રામાયણનું મોટું પુસ્તક. પૂ. શ્રી માટેની ચાદર, નેપકીન, બેટરી, ગીતા, માળા, વગેરે હતું.

પૂ. શ્રીનો પલંગ બે પલંગની વચ્ચે આડો મૂકી દેવાયો જેથી એ પલંગ મહત્ત્વનું સ્થાન પામ્યો. પૂ. શ્રીના પલંગ પર ચાદર પાથરી દીધી. ઓશીકાંપર એક સ્વચ્છ નેપકીન પાથરી દીધો. પૂ. શ્રીએ લેખનકાર્ય માટે પોતાની કલમ શરૂ કરી પણ દીધી. એક કલાકના લખાણ બાદ સમય થતાં ભોજન માટે બજારમાં જવાનું બન્યું.

અંબાજીના બજારમાં મંગલા ડાયનીંગ હોલમાં ભોજન લીધું, પણ સ્વચ્છતા બરાબર ન હતી.

ભોજન બાદ ફરી ઉતારા પર આવી ગયાં. થોડા આરામ બાદ પૂ. શ્રીએ ફરી લેખનકાર્ય કર્યું.

સાંજે ૬ વાગ્યે ફરી બહાર મંદિર તરફ નીકળ્યા. મંદિરમાં આરતીનો સમય હતો, ભીડ હતી.

પૂ. શ્રીએ સૌને કહ્યું તમારે દર્શન કરવાં હોય તો જઈ આવો



હું અહીં બેઠો છું, પણ ભીડ ઘણી હોવાથી ત્રણ પૈકી કોઈ જ ન ગયું.

પૂ. શ્રી એક બાંકડા પર બેઠા. વાતો શરૂ થઈ જેમાં પૂ. શ્રીએ કહ્યું:–

"મને મંદિરોમાં ખાસ જવાનું ગમે નહીં. સહજ રીતે જવાતું હોય તો જુદી વાત છે, તેમાં પણ ભીડમાં તો ગમે જ નહીં. જુઓ ને, શ્રીનાથજીના મંદિરમાં પણ હું ક્યાં આવ્યો હતો? ગમે તેવા પ્રસિદ્ધ મંદિર હોય છતાં ઈચ્છા જ ન થાય.

એમ જ લાગે કે આ જગત આખું જ મંદિર છે. એનું દર્શન થઈ જ રહ્યું છે.

મંદિરમાં ન જવું તે વાત આ જમાનામાં નાસ્તિક જેવી ગણે.

વળી થોડીવાર બાદ પૂ. શ્રી સ્તુતિ બોલવા લાગ્યા.

"ભક્તોને દર્શન દેનારી, દેવી શિવા પ્રસન્ન બનો,
દર્શન આપો, વર આપોને, ઈચ્છા સર્વે પૂર્ણ કરો."

સાંઈબાબાની સ્તુતિ બોલ્યા પછી થોડા શ્લોકો બોલી શાંતિ-મંત્ર બોલ્યા. લગભગ ૧ કલાક મંદિરની બહાર બેઠા તે દરમ્યાન આરતી પૂરી થઈ ગઈ. ત્યાંથી બજારમાં જઈ આવ્યા. માર્ગમાં પૂ. શ્રીએ દૂધ લીધું.

વિશ્રામગૃહમાં આવી પૂ. શ્રીએ થોડો નાસ્તો લઈ આરામ કર્યો.

**તા. ૨૭–૬–૮૧, શનિવાર, જેઠ વદ દશમ, ૨૦૩૭**

**સ્થળ : એ/૧૦, અંબિકા વિશ્રામગૃહ, અંબાજી.**

સવારે નિયમ પ્રમાણે સર્વેશ્વરી ૮ વાગ્યે મૌન રાખી દૂર સુધી ફરવા જાય છે. વરસાદને લીધે બેસવાનું કોઈ સ્થાન ન મળ્યું,

જેથી નવ વાગ્યે પૂ. શ્રી પાસે આવી જવાનું બને છે.

પૂ. શ્રી મંત્રજપ કરી રહ્યા હોય છે. મંત્રજપ બાદ લેખનકાર્ય ૧૧–૦૦ સુધી કરે છે. ૧૧–૧૫ મિનિટે દ્વાર ખૂલે છે. તો પાલનપુરથી ત્રણ ચાર ભાઈઓ પણ આવે છે.

પૂ. શ્રી સાથે અંબાજી મંદિર તરફ ભોજન માટે જવાનું બને છે.

માર્ગમાં 'અધ્યાત્મ'ના એક વાચક પૂ. શ્રીને અધ્યાત્મમાં આવતા ફોટા ઉપરથી ઓળખી શકે છે. તેની સાથે પૂ. શ્રી વાતો કરે છે. તે નાનકડો યુવાન મુંબઈના છે. તેમનાં પત્ની મહુવાના છે. જેથી પૂ. શ્રી તેમની સાથે મહુવાની વાતો કરે છે, તેઓને આબુ જવાની સૂચના પણ આપે છે. વળી આબુમાં ક્યાં ઉતરવું તે અંગે પૂ. શ્રી નાનામાં નાની વિગત પણ આપે છે.

આજે છાયા લોજમાં ભોજન લીધું. ભોજન તદ્દન ખરાબ હતું. એ જ લોજમાં પૂ. શ્રીએ ત્રણ વર્ષ પર ભોજન લીધેલું. ત્યારના ને આજના ભોજનમાં ઘણો ફેર હતો.

ભોજન બાદ લસ્સી પીએ છે. તેમાં પણ કોઈ ઠેકાણા હોતાં નથી, જાણે લસ્સીવાળાને પૈસા દાનમાં આપી દીધા હોય એ રીતે થયું.

ઉતારાપર વિશ્રામગૃહના પહેલેમાળે બહારની ખુલ્લી જગ્યામાં પાલનપૂરથી આવેલા ૨૨ જેટલા ભાઈબેનો આવીને બેઠાં છે.

પૂ. શ્રીને આશ્ચર્ય થાય છે. રૂમમાં બેસવા કરતાં પૂ. શ્રી બહાર ખુલ્લા ઓટલા જેવી જગ્યામાં જ સૌની સામે ખુરશી પર બેઠા. સર્વેશ્વરી પણ તેમની પાસેની ખુરશી પર બેઠાં. સૌ પ્રણામ કરી પૂ. શ્રીની સામે બેઠા.



જે પણ સ્થળમાં હોઈએ, પણ ભોજન પછી પૂ. શ્રી મુલાકાત દર્શન આપે છે. એટલે આજે સમય બરાબર હતો.

શ્રી રેવાશંકર પુરોહિત (વિજયભાઈ પુરોહિતના મોટા ભાઈ છે.) પૂ. શ્રીને પ્રશ્નો પૂછવાના શરૂ કરે છે.

આજે રેવાશંકર પાલનપૂરથી અંબાજી બસમાં આવ્યા તો બસમાં એક પ્રકાશના પંથેના વાચક મળ્યા. તેમણે કહ્યું કે ભોળું હૃદય હોય એટલે આવી બધી દર્શનની વગેરે ભ્રાંતિ થાય, સાચે જ એવા કોઈ અનુભવ થતા જ નથી.

પૂ. શ્રીએ સાંભળીને કહ્યું : કમળાના રોગીને પીળું જ દેખાય. સંતોને ભ્રાંતિ થતી જ નથી.

એ અંગે વિસ્તૃત વાતો કરી. પૂ. શ્રીએ જલારામના સમયના ટીલીયાની વાતો કરી.

ત્યારબાદ ભજનધૂન થયા, વળી રેવાશંકરે એક પ્રશ્ન પૂછ્યો : ગીતામાં લખ્યું છેઃ–

વ્યક્ત મધ્યમાં થાય છે, આદિ અંત અવ્યક્ત,<br>જીવ બધા શાને પછી થાય શોકમાં રક્ત!

એનો અર્થ શો?

પૂ. શ્રી : માતાના ઉદરમાં શુક્રરૂપે હતાં તે અવ્યક્ત. પછી પૃથ્વી પર બાળક બનીને આવ્યા તે વ્યક્તરૂપ થયું અને પૃથ્વીપરથી વિદાય થઈશું તે અવ્યક્ત થયું.

ઘઉંનો દાણો, એમાં ડૂંડા, છોડ છે. પણ તે અવ્યક્ત. ઘઉંનો દાણો થાય તે વ્યક્ત ને વળી તે દાણો ડૂંડા છોડમાં પરિવર્તિત થાય ત્યારે તે દાણો અવ્યક્ત.

વાદળામાં વરસાદ છે. પણ તે જોઇ શકાતો નથી. તેથી તે અવ્યક્ત છે. વરસાદ પડે છે. તો તે જોઇ શકાય છે. તે વ્યક્તરૂપ થયું. વરસાદ પડી ગયો તો પાછું તે અવ્યક્ત દેખાતું બંધ થયું.

એટલે મધ્ય અવસ્થામાં તે દેખાય છે. આગળ ને પાછળ તે જોઇ શકાતા નથી.

સત્સંગ પૂર્ણ થયો. આરામ માટે પૂ. શ્રી પોતાના રૂમમાં આવી ગયા. થોડા આરામ બાદ લેખનકાર્ય કર્યું. છ વાગ્યે દ્વાર ખુલ્યું. ફરી સત્સંગ શરૂ થયો.

રેવાશંકરે પ્રશ્નો શરૂ કર્યા:—

ગીતામાં કહ્યું કે કરોડમાં કોઇક પ્રભુને માર્ગે વળે ને પામે તો અમારી તો કોઇ ગતિ જ ન હોય.

પૂ. શ્રી : એ કરોડમાંથી જ તમે એક છો એમ માનો, પાલનપૂરની આટલી મોટી વસ્તીમાંથી તમારા જેવા ૮૦૦ મંત્રજપ કરવામાં માનનારા નીકળે, તેમાંથી વળી ૮૦ મંત્રજપ કરે પણ ખરાં. માનવજન્મ આપણને પ્રભુ મેળવવા જ મળ્યો છે. એમ તમે માની લો. ખૂબ ખૂબ જપ–સાધના કરો.

લગભગ પોણા સાત આ ચર્ચામાં જ થઇ ગયા. ત્યારબાદ પૂ. શ્રી સાથે થોડે ફરવા જવાનું બન્યું, અંબિકા ભોજનાલયમાં રૂા. બે માં પૂરીશાક કઢીભાતનું ભોજન કર્યું. ત્યાંથી આવી થોડું ફરી, ઉતારા પર આવી ગયા.

પૂ. શ્રીએ આરામ કર્યો. સર્વેશ્વરી થોડી વાર વિજયભાઇ ને કલ્યાણ સાથે વાતો કરી ડાયરી લખી આરામ કરે છે.

પૂ. શ્રી આરામ પહેલાં ધ્યાનમાં બેઠા. (ક્રમશઃ)



### અમદાવાદ ખાતે

# પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી

તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની અનુજ્ઞા મુજબ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો ૭૮ મો જન્મદિન તા. ૧૫ ઓગસ્ટ અમદાવાદ ખાતે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ઉજવવામાં આવ્યો. એનું સ્થળ હતું મીઠાખળી ખાતે આવેલ સરદારપટેલ સેવાસમાજ હોલ.

આ કાર્યક્રમ પૂ. મા પ્રભુની કૃપાથી ખૂબ સફળ રહ્યો.

કાર્યક્રમનો પ્રારંભ રેડિયો સીંગર શ્રી મૃદુલાબેન પરીખના મંત્રગાન અને કૃષ્ણભક્તિના મધુર ભજનોથી થયો. એકધારા પોણો કલાક સુધી શ્રી મૃદુલાબેને મીરાં, નરસિંહ તેમ જ અન્ય ભક્તોના સુંદર ભજનો અને ધૂનો પોતાના મધુર સુરીલા છતાં બુલંદ કંઠથી ગાઇને સહુ સાધકોના મનને ડોલાવી મૂક્યાં. તેઓની "સખી મને વહાલો રે સુંદર શામળો રે." એ ભજનની હલક મીઠાશ અને ગાવાની શૈલીથી સહુના અંતર આનંદથી ઝૂમી ઊઠયાં. કનુભાઇ મોદીનો તબલા ઉપરનો સાથ પણ ખરે જ ખૂબ સુસંવાદિત રહ્યો. જયશ્રીબેન વોરાએ પણ ભક્ત નરસિંહ મહેતાનું "ઊંચી મેડી તે મારા સંતની રે" ભજન સરસ હલક અને તીણા મધુર કંઠે ગાયું.

ટ્રસ્ટ તરફથી શ્રી મૃદુલાબેન અને તબલચીભાઇને માના લેમિનેટેડ સુંદર સ્વરૂપની ભેટ તેમ જ પુરસ્કાર આપવામાં આવ્યાં.

તે પછી પૂ. ગુરુદેવ અને પૂ. માના સ્વરૂપોનું શાસ્ત્રોક્તવિધિથી

પૂજન શ્રી અરૂણાબેન ઠાકરે કરાવ્યું કારણ કે રસ્તામાં વાહનની તકલીફને લીધે શ્રી વિજયભાઇ પુરોહિત (પંડિતજી) સમયસર પહોંચી શકે તેમ ન હતા આને પણ પૂ. ગુરુદેવની ઇચ્છા સમજીને સહુ સાધકોએ સ્વીકારીને વધાવી લીધી. એક બેન આવું પૂજન કરાવે તેવી કલ્પના પણ સામાન્ય માણસને ન આવે એવી એ વાત હતી. શ્રી અરૂણાબેને પણ શાસ્ત્રોક્તવિધિના સંસ્કૃત શ્લોકો બોલીને પોતાની પસંદગી યોગ્ય રીતે કરાઇ છે, તેની પ્રતીતિ સહુને કરાવી દીધી.

પૂજનવિધિ પતી ગયા પછી પૂ. યોગેશ્વરજીએ ૧૯૮૪ ના ફેબ્રુઆરિમાં ગુજરાત યુનિવર્સિટીમાં પાતંજલ યોગદર્શન પર જે મનનીય પ્રવચનો આપેલાં તેની ઓડિયો કેસેટ મૂકવામાં આવી. તેઓએ પોતાના વક્તવ્યમાં પતંજલિ મહામુનિને અંજલિ આપતાં કહ્યું કે એમના જેવી આધ્યાત્મિક સાધના ક્ષેત્રે વ્યક્તિ મળવી મુશ્કેલ છે. એમણે પોતાનાં યોગસૂત્રો સમગ્ર માનવમાત્ર માટે છે. દેશ, જાતિ કે ધર્મના વાડાઓથી એ પર છે. એ જ રીતે સાધના પદ્ધતિમાં ધ્યાન કરવાની વિવિધ પદ્ધતિઓ સૂચવ્યા પછી જે સૂત્ર લખ્યું છે–**यथाअभिमत ध्यानात वा।** આ સૂત્રમાં સાધકને જે ગમે તે પ્રતીક કે પદ્ધતિનો આધાર લેવાની છૂટ આપી છે. પતંજલિનો આગ્રહ એ રહ્યો છે કે તમે ગમે તે પ્રતીક કે પદ્ધતિ-નો આધાર લો, પરંતુ ધ્યાન કરો ને કરો. તેમાં પ્રમાદ ના કરો. કારણ કે છેવટે તે સ્વરૂપાનુભૂતિ સુધી સાધકને દોરી જવાની ક્ષમતા ધરાવે છે.

પૂ. શ્રીના પ્રવચન પછી સૌ પ્રથમ બોલનાર વક્તા હતા શ્રી નારાયણભાઇ જાની. તેમણે પોતાંના વક્તવ્યમાં જણાવ્યું કે પૂ.



શ્રીનો પ્રાદુર્ભાવ સમાજમાં સ્ત્રીઓને આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ લાવવા અને સ્ત્રીમાત્રમાં જગદંબાના સ્વરૂપનું દર્શન કરાવવા થયો હતો. એટલે જ શરૂથી એમની સાધના વિકસિત થતી ચાલી. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉત્તરાધિકારી તરીકેની પસંદગી તેઓની આ સાધનાના પરમ ફળસ્વરૂપ હતી; એમ હવે લાગે છે.

આજે પૂ. શ્રીના સ્વરૂપની અહીં જે પૂજા શ્રી અરૂણાબેન ઠાકરે કરાવી તે પણ પૂ. શ્રીની ભાવના અનુસાર સહેતુક લાગી. યોગેશ્વર પરિવારના આદરણીય હમેશના પૂજારી એવા (શ્રી વિજયભાઇ પુરોહિત) પંડિતજીનું આવવાનું વિલંબમાં પડી જવું, તેય પૂ. મા–પ્રભુની લીલાના ભાગરૂપ લાગ્યું. સમાજે સ્ત્રીને કદી આવા પવિત્ર કાર્ય માટે સ્વીકારી નથી. આજે અહીં એ પરંપરા તૂટી તે સર્વથા યોગ્ય જ છે. એક નવી પરંપરાના ભાગરૂપ–પૂજ્ય ગુરુદેવના આદર્શને અનુરૂપ એ કાર્ય થયું એમ લાગે. ભવિષ્યમાં બહેનો આ ક્ષેત્રે કાર્ય કરવા આગળ આવે એવું આપણે ઇચ્છીએ.

વિશેષમાં તેઓએ ઉમેર્યું કે જેમને પણ પ્રભુના માર્ગે જવું છે, સાધના કરવી છે, તેમને માટે પાતંજલ યોગદર્શન શ્રેષ્ઠ ગ્રંથ છે. તેનો અભ્યાસ કરો. તેને માટે પ્રભુને જ ગુરુ તરીકે સ્વીકારી આજથી જ આગળ વધવા સંકલ્પ કરો. સામાન્ય સાધકો માટે આત્મિક શુદ્ધિ સાથે આગળ વધવા તે ઉત્તમ માર્ગ બતાવે છે.

તે પછી શ્રી કલ્યાણે પોતાના ભાવસભર વક્તવ્યમાં કહ્યું કે પ્રભુએ સ્વયં મા સર્વેશ્વરીનો મા જગદંબા તરીકે આપણને પરિ-ચય કરાવ્યો છે. આપણા માટે સમગ્ર વિશ્વની જનની એવાં પૂ. મા જ્યારે પ્રત્યક્ષ છે, ત્યારે એ માને આપણે સાચા ભાવથી સમર્પિત થઇ જવાનું છે. બીજું કાંઇ કરવાની આવશ્યકતા નથી. એ માનાં

ચરણો પકડી લો. આગળ ઉપરનું તમારું એ મા જ સંભાળી લેશે, એક બાળકની સંભાળ જેમ મા લે છે, તેમ જ તમારી સર્વપ્રકારે સંભાળતે જરૂરથી લેશે. તેમાં વિશ્વાસ રાખો. આવી અનન્ય શ્રદ્ધા-ભક્તિ જે ભક્તોમાં જાગી જાય છે તેનો બેડો પાર થઇ જાય છે.

એલાસ્કા યાત્રામાં પૂ. મા સાથે જોડાવા સદ્ભાગી થયેલ શ્રી પ્રભાબેન પટેલે પોતાના લેખિત વક્તવ્યમાં પૂ. માએ તેમની યાત્રા-માં જોડાવા માટેની અડચણો કેવી અદ્ભુત રીતે દૂર કરી હતી તે વર્ણવીને—યાત્રામાં જોડાયેલ ૪૬ ભાવિક ભાઇબહેનોને કેવા દિવ્ય આનંદનો અનુભવ કરાવ્યો તેની વિગતો જણાવી હતી.

છેલ્લે ભાવનગરના યુવાન સાધક ડો. બી. જે જાગાણીએ પોતાના વિદ્વત્તાસભર વક્તવ્યમાં કહ્યું કે જેમ અપરાક્ષેત્રે કામ કરતા વિજ્ઞાનકો સમયાંતરે—સેમિનારોમાં પોતાના સંશોધનોનાં પેપરો રજૂ કરી પ્રગતિનો કયાસ કાઢે છે. તેમ આવી ધાર્મિક ઉજવણીઓ પરાક્ષેત્રમાં સાધકોએ સાધેલ પ્રગતિ કે હાંસલ કરેલ અનુભૂતિઓને રજૂ કરવાનું પ્લેટફોર્મ બને છે. વળી પૂ. માએ તેમના જીવનમાં કેવી કેવી કપરી પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢી આપ્યો છે તે વાતો કહી હતી. અંતમાં તેમણે ઉમેર્યું હતું આવતી કાલે (તા. ૧૬–૮–૯૮ ના રોજ) પૂ. શ્રીના જન્મસ્થળ સરોડામાં જે રોગનિદાન યજ્ઞ યોજવામાં આવ્યો છે, તેમાં મદદરૂપ થવા અને પૂ. શ્રીની પાવનજન્મ ભૂમિનું દર્શન કરવા—જેમને અનુકૂળ હોય તે સહુને આવવા નિમંત્રણ આપતાં—આ કાર્યમાં જેમણે સ્વૈચ્છિક રીતે આર્થિક સહાય કરી છે તેની વિગતો આપી હતી.

વડોદરાના સાધક ભાઇબહેનોએ શ્રી પંડિતજી તેમ જ ભાઇ નીલેશભાઇ, શ્રી મીનાબેન, શ્રી નિર્મળબેન તેમ જ શ્રી દમયંતી-બેન વગેરેએ સુંદર ધૂન અને ભજનોનો રસથાળ પીરસી, સમગ્ર



વાતાવરણને આધ્યાત્મિક ભાવોથી ભરી દીધું હતું.

શ્રી બાબુભાઇ વોરાએ પોતાના ટૂંકા વક્તવ્યમાં પોતાની પૌત્રીના પતિને કેનેડામાં કેવી અદ્ભુત સહાય પૂ. મા અને એમના ભક્તોએ કરી હતી. તેની વિગતો જણાવી હતી. એક નવા પ્રદેશમાં પહેલી જ વાર જતી વ્યક્તિ માટે પૂ. માએ ખૂબ કાળજી લઇને રહેવાની અને નોકરીની સુવિધાઓ કરાવી આપી. એવું આજના યુગમાં પૂ. મા જ કરે—એવી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજુભાઇ જાનીએ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આજે જન્માષ્ટમી છે. બે યોગેશ્વરોનો જન્મ આજના મંગલદિને થયો છે. એટલે આપણે બન્નેના જીવનમાંથી પ્રેરણાઓ લઇ, એમના ઉપદેશને શક્ય તેટલો આચરણમાં ઉતારીએ, તો આપણી આ ઉજવણી સાર્થક ગણાય.

આજે ઉપવાસનો દિવસ હતો. એટલે આજે સ્વાદિષ્ટ ફરાળ, વાનગીઓ સાધકોને ભોજનમાં પીરસવામાં આવી હતી. આજના ભોજનનો સમગ્ર ખર્ચ પૂ. માના અનન્ય ભક્ત શ્રી જયાબેન પટેલે આપ્યો હતો. વિડિયો કવરેજ ચંદ્રકાન્ત પટેલે કર્યું.

પૂ. માની અનુપસ્થિતિમાં પણ બહારગામોથી સારી એવી સંખ્યામાં સાધકો આવ્યા હતા. સમગ્ર હોલ ખીચોખીચ ભરાઇ ગયો હતો. પૂ. મા અને પ્રભુની પ્રશસ્તિ કરતા અને ગુણ ગાતા સહુ વીખરાયા હતા.

પૂ. માની આજ્ઞા અનુસાર સકલ એપાર્ટમેન્ટમાં સાંજે ૬ થી ૮ ભજન અને ધૂનોનો ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં પણ સાધક ભાઇબહેનોએ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

□

# અમૃતપળોનો આસ્વાદ-૨ (A)

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આવો મારે આંગણે રેલાવી દો આનંદ!
પ્રભાતથી કરું પ્રતીક્ષા આજે તો સાનંદ,
આવો મારે આંગણે રેલાવી દો આનંદ.

માતૃદર્શનની આતુરતા આંખમાં આંજીને સૌ બાળકો આર્યનિવાસના આંગણે ટોળે વળ્યાં છે. આજે પ્રભાતથી જ સૌને પ્રતીક્ષાનો આનંદ છે. બાલમુકુંદના દર્શન માટે ઘેલી થયેલી ગોપીઓની વાત આપણે સાંભળી છે, પરંતુ એ દર્શનઘેલી ગોપીઓની વાત આજે ઘેલી લાગતી નથી, કારણ કે પૂ. માના બાળકોને આજે અહીં ઘેલામાં ગુણ લાધ્યો છે. દર્શનની પ્રતીક્ષાનો આનંદ માણતા એ પ્રતીક્ષા જ જ્યારે પ્રત્યક્ષ બની ગઇ ત્યારે એ માતૃદર્શનના આનંદને આંખો સમાવી શકી નહીં. એ ભાવવિભોર દર્શન હતું ૧૦, માર્ચ-૯૪ ના રોજ સંધ્યા સમયે છ વાગ્યાનું! પૂ. મા આર્યનિવાસના આંગણે પધાર્યા, જાણે સૃષ્ટિની ધવલતા સાક્ષાત્ પધારી ન હોય! પ્રેમની ધવલસૃષ્ટિ ચારે તરફ પથરાઇ ગઇ! સૌના હૈયાં નાચી ઊઠયાં! એ માતૃદર્શને પ્રેમનું પાવન પર્વ આરંભાઇ ગયું!

પૂ. મા આવ્યાં જાણે પ્રેમના પૂર આવ્યાં!
પૂ. મા પધાર્યાં જાણે વાત્સલ્ય ગંગાનું અવતરણ થયું!
પૂ. મા આવ્યાં જાણે માધુર્યની રસભરી સૃષ્ટિ લાવ્યાં.

બસ, એ મસ્તદર્શને આનંદના ઓઘ ઉછળ્યા! ઉત્સાહના ફુવારા ઊડયા, ચહેરા ચમકી ઊઠયા, અરે! આર્યનિવાસ જ જાણે હસી ઊઠયું!



આર્યનિવાસનાં સેવાભાવી દંપતી શ્રી રમેશભાઇ અને પૂનમબેને ગુલાબના સુંદર પુષ્પહારોથી, પ્રેમપૂર્વક પ્રણામ કરી, હર્ષભે સ્વાગત કર્યું છે. લાંબી મુસાફરીનો થાક હોવા છતાં પૂ. મા એટલાં જ પ્રસન્ન છે. એ તપસ્વી મુખારવિંદપર તપનું, પ્રેમનું, કરુણાનું પેલું હંમેશનું વિજયી સ્મિત હોઠો પર રેલાયેલું છે.

પ્રવેશદ્વારથી લીફટના દરવાજા સુધી ચાલતાં ચાલતાં કોઇને વ્હાલભરી ટપલીથી, કોઇકને વાણીના વ્હાલથી, તો કોઇને નયનોના જાદુઇ સ્પર્શથી તો કોઇને સ્મિતભર્યા સુંદર મુખારવિંદથી પ્રેમ ઢોળીને તૃપ્ત કર્યા છે.

બીજે માળે આવી લોબીમાંથી ગેલેરીમાં જઇને સૌ પ્રથમ ગંગામૈયાને પ્રેમપૂર્વક દંડવત્ પ્રણામ કરે છે. પછી થોડીવાર ઊભા રહીને ગંગાજીના વિશાળ પટપર આત્મીયતાસભર દૃષ્ટિપાત કરી રહ્યાં છે. માતૃપ્રેમના અધિકારના ગૌરવથી પોતાના સૌંદર્યને નિખારતી આશા પૂ. મા પાસે જ ઊભી છે. આશા પહેલી જ વખત ગંગાજીનાં દર્શને આવી છે. તેથી પૂ. મા આશાને ગંગાજીનું નિર્મળ પાવન દર્શન કરાવે છે. નીચે દૃષ્ટિપાત કરતાં શ્રી રમેશભાઇએ નવા બંધાવેલા ગંગાઘાટના દર્શન કરતાં પૂ. મા રમેશભાઇને ખૂબ જ અભિનંદન આપે છે.

સાંજની સત્સંગસભા આઠ વાગ્યે મળી છે. સત્સંગહોલ પ્રભુના નામસ્મરણથી ગૂંજી ઊઠયો છે. પૂ. મા અત્યારે પહેલી જ સત્સંગસભામાં પધારતાં હોવાથી સૌની આંખોમાં દર્શનની આતુરતા છે અને હૈયામાં એ જ દર્શનનો આનંદ છે. બરાબર આઠ વાગ્યે પૂ. મા સ્મિતવદને પધાર્યાં. વરદહસ્તમાં પ્રભુનું સુંદર સ્વરૂપ છે. તેજ ભર્યાં ડગલાં ભરતાં પૂ. મા આસન સુધી પધાર્યાં

છે. પ્રભુ અને ગંગાજીને પ્રણામ કરીને ઝડપથી આસન પર બીરાજ્યાં છે.

આજે શિવરાત્રી છે. પૂ. મા આસન ગ્રહણ કરતાંની સાથે જ 'ૐ નમઃ શિવાય'ની ધૂન બોલાવે છે. પૂ. માના દર્શન કરતાં કરતાં સૌ ધૂનમાં મસ્ત બન્યા છે. ખરેખર આજે અદ્‌ભુત યોગાનુયોગ પ્રાપ્ત થયો છે. આ માતૃદર્શનમાં જ શિવદર્શનની તૃપ્તિ છે.

પૂ. મા શિવ છે એમાં ક્યાં શંકાને સ્થાન છે! પૂ. મા જેવું શિવસ્વરૂપ બીજે ક્યાં જોવા મળે? તાત્ત્વિક દૃષ્ટિએ તો ક્યાં કંઇ ભેદ છે? શિવગુણાનુવાદ ગાઓ કે માતૃસ્વરૂપના મહિમાનું ગાન ગાઓ, ૨૮ પરમતત્ત્વની જ પ્રશસ્તિ છે ને!

આ શ્લોકમાં વર્ણવેલા શિવગુણાનુવાદ માતૃગુણાનુવાદથી ક્યાં જુદા પડે છે?

अजं शाश्वतं कारणं कारणानां,
शिवं केवलं भासकं भासकानाम्।
तुरीयं तमः पारमाद्यन्तहीनं,
प्रपद्ये परं पावनं द्वैतहीनम्॥

જે અજન્મા છે, નિત્ય છે, કારણોનાં પણ કારણ છે, કલ્યાણસ્વરૂપ છે, એક છે, જે પ્રકાશી રહ્યા છે તેને પ્રકાશ ધરનાર છે, ત્રણ અવસ્થાઓથી પર છે, અજ્ઞાનથી પર છે, અનાદિ અને અનંત છે તે પરમપાવન અદ્વૈતસ્વરૂપને હું પ્રણામ કરું છું.

શિવત્વ માતૃત્વથી કંઇ અલગ નથી. પરંતુ આ માતૃસ્વરૂપ પ્રકટ હોવાથી તે પ્રકટ સ્વરૂપના મહિમાને આપણે બરાબર સમજી શકીએ તો પ્રકટનો આનંદ ભરપૂર માણી શકીએ. સાચી વાત તો એ જ છે કે જે શિવતત્ત્વ સચરાચરમાં વ્યાપેલું છે, તે જ આ માતૃસ્વરૂપમાં એકત્રિત થઇને પ્રકટેલું લાગે છે.



પૂ. મા અજન્મા છે, કારણ કે તેમને જન્મ માટે કોઇ કર્મના ઋણાનુબંધ બાધ્ય કરતા નથી. આ અવતારલીલા તો પ્રકટનું સુખ આપવા માટે છે. સાચા અર્થમાં તો તેઓ જન્મ, જરા અને મૃત્યુથી પર છે. પોતાના નિત્ય સ્વરૂપમાં જ સ્થિત છે, એટલે જ ઉપરામતા તેમની સહજ સ્થિતિ છે. જેમના સત્યસ્વરૂપનો પાર કારણોથી પામી શકાતો નથી પણ કૃપા થકી મંગલ સ્વરૂપનું દર્શન પામી શકાય છે. સૌના કલ્યાણ માટે જ અવતાર ધરનારાં છે. માટે કલ્યાણસ્વરૂપ છે. ત્રણેય અવસ્થાઓથી પર તુર્યાવસ્થા જ જેમની પરં સ્થિતિ છે, 'શિવોઽમ્' જેમનું સહજ સ્વરૂપ છે. જેઓ પ્રકાશના મૂળસ્વરૂપ છે અને અજ્ઞાનથી પર અનાદિ અને અનંત છે તે પરમપાવન અદ્વૈતસ્વરૂપ પૂ. માના શિવસ્વરૂપને પ્રણામ કરું છું.

આજે શિવરાત્રી પર્વ પ્રસંગે આપણે પૂ. માના શિવસ્વરૂપનું સ્મરણ કરીને ભાવપૂર્વક વંદના કરી રહ્યા છીએ-'ૐ નમઃ શિવાય' મંત્રદ્વારા આપણે જે શિવસ્વરૂપનું સ્મરણ કરીએ છીએ તે કલ્યાણકારી માતૃસ્વરૂપ તો આપણી સામે પ્રકટ છે. આપણે તેની પ્રતીક્ષા કરીને દર્શન માટે તલસવું નહીં પડે! પૂ. માના પ્રકટ સ્વરૂપનો મહિમા જેમણે જાણી લીધો છે તેમને શિવદર્શન માટે વ્યાઘ્રચર્મ, ત્રિશૂળ, ડમરું કે પ્રજાગના આભુષણોથી સુશોભિત સ્વરૂપની કલ્પના કરવાની ક્યાં જરૂર રહે છે?

પ્રબળ વૈરાગ્ય માટે જેમને ભસ્મચર્ચિત અંગની જરૂર નથી, જેમની નિર્મલતા અને પવિત્રતા હજારો ગંગાઓથી પણ ઉજ્જવળ છે. પ્રેમ જેમનું સહજ સ્વરૂપ છે. જ્ઞાન જેમની પાવનવાણીને અનુસરતું રહે છે, તે પરમમાતા સર્વેશ્વરીના પ્રકટ સ્વરૂપમાં સઘળું સમાયું છે. આજે શિવરાત્રી પ્રસંગે સાક્ષાત્ શિવ આ માતૃસ્વરૂપે દર્શન આપી ને આપણા મનુષ્ય જન્મને સાર્થક

કરે છે. પામવાનું છે તે અહીં છે, સામે જ તે મંગલમયરૂપ છે. આંખોથી તે મંગળ માતૃસ્વરૂપને અંતરમાં ઉતારી દઈએ. પરમ-શાંતિની તૃપ્તિ આ પાવન માતૃદર્શનમાં જ છે.

તું સંક્ષેપ મહીં સમજી લે,
તું પ્રેમરસ મહીં પલળી લે,
જીવનને તેને અરપી દે.
જો તેને જોવા મરજી છે.
આ સર્વ જગતના મંગલને
તું ભજને મા સર્વેશ્વરીને.

'ૐ નમઃ શિવાય'ની ધૂન બોલતી વખતે આપણે તો એ માતૃસ્વરૂપમાં સમાયેલા શિવસ્વરૂપની જ આરાધના કરીએ છીએ. પ્રત્યક્ષ દર્શન સાથે એ પ્રકટ સ્વરૂપના સ્મરણમાં મસ્ત બની જવું એ આપણા માટે દેવદુર્લભ લ્હાવો છે, જે અત્યારે આ શિવપર્વ નિમિત્તે પૂ. માના પરમ સાન્નિધ્યમાં માણી રહ્યા છીએ.

આપણા માટે તો પૂ. મા જ ચંદ્રમૌલી, ચંદ્રશેખર કે ત્રિલોચન શંભુ છે. ઈશત્વનાં બધા જ પરમ લક્ષણો આ માતૃસ્વવૂપમાં વિદ્યમાન છે. એટલે આજે શિવરાત્રિ પર્વપ્રસંગે શિવસ્વરૂપ માતૃ-રૂપને ભાવપૂર્વક વંદના કરી લઈએ.

नमस्ते नमस्ते विभो विश्वमूर्ते,
नमस्ते नमस्ते चिदानन्द मूर्ते।
नमस्ते नमस्ते तपोयोगगम्य,
नमस्ते नमस्ते श्रुतिज्ञानगम्य ॥

હે વિશ્વનાથ! હે ચિદાનંદમૂર્તિ! તપ અને યોગથી પ્રાપ્ત થનારાં, શ્રુતિજ્ઞાનગમ્ય, હે મા! આપને આપના આ પાવન પર્વ પ્રેમપૂર્વક પ્રણામ!



અત્યારે સાજની સત્સંગસભા પૂ. માના સાન્નિધ્યમાં ચાલી રહી છે. શિવરાત્રિપર્વ નિમિત્તે શિવમહિમાનું ગાન કરતાં પૂ. મા કહે, "સમસ્ત ભારતમાં શિવમહિમા કણેકણમાં વ્યાપેલો છે. ભારતભૂમિની ચારેય દિશામાં ભારતના પ્રસિદ્ધ શિવાલયો આવેલાં છે. પશ્ચિમમાં ભગવાન સોમનાથ, દક્ષિણમાં રામેશ્વર, ઉત્તરમાં કેદારનાથ અને પૂર્વમાં પશુપતિનાથના શિવાલયો જે તે સ્થાન-વિશેષના ગૌરવવંતા આધ્યાત્મિક ઇતિહાસ સાથે પ્રતિષ્ઠિત થયેલાં છે. પૂ. મા મધુરકંઠે શિવસ્તુતિનું ગાન કરી રહ્યાં છે. બારેય જ્યોતિર્લિંગોનું પણ સ્મરણ કરી રહ્યા છે. सौराष्ट्रे सोमनाथं च.... घुरमेशं च शिवालये ॥

પૂ. મા પોતાના કિશોરવયનાં સંસ્મરણો યાદ કરતાં કહે, "અમને પણ ભગવાન શંકર પ્રિય હતા, શિવના વ્રત, તપ પ્રેમ-પૂર્વક કરતાં અને સુરતની આસપાસ આવેલા મહાદેવના પવિત્ર સ્થાનોમાં દર્શન કરવા જતાં. પૂ. શ્રીએ અમને 'ૐ નમઃ શિવાય'નો શિવમંત્ર જપવા માટે આપ્યો હતો અને 'શિવ, શિવ, શિવ'નો સ્મરણમંત્ર પણ આપ્યો હતો, પછી સમય જતાં પૂ. શ્રી જ અમારા શિવ બની ગયાં! શિવનું સ્મરણ કરતાં પૂ. શ્રીનું જ સ્વરૂપ માનસપટપર કોતરાઈ જતું. પૂ. શ્રીએ અમારા એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે ગુરુ અને ભગવાન શંકર એક જ છે, બસ! તે દિવસથી 'ૐ યોગેશ્વરાય નમઃ' એ અમારો જીવનમંત્ર બની ગયો.'

પૂ. મા કહે, "શ્રી આનંદમયી માતાએ અમને દર્શન આપી કહ્યું હતું કે તમે દરરોજ 'શિવમહિમ્નસ્તોત્ર'નો પાઠ કરજો. શરૂઆતમાં મેં શ્રી આનંદમયીમાતાના આદેશ પર ધ્યાન ન આપ્યું,

પરંતુ પાછળથી કોઇ શુભ ઘડીએ એ પાઠ સહજ જ શરૂ થઇ ગયો જે આજે પણ નિયમિત થયા કરે છે.'

પૂ. મા એમ સમજાવવા માગે છે કે મહાપુરુષો પોતાનું ધાર્યું કરે છે અને આપણા હિત માટે જે યોગ્ય હોય તે કરીને જ જંપે છે. આપણા કલ્યાણની ચિંતા કર્યા કરે છે.

પૂ. મા પૂછે છે કે શું ભગવાન પણ પોતાના સ્મરણ માટે અમુક દિવસ રીઝર્વેશન કરાવે છે? જેમ કે શિવની શિવરાત્રી, કૃષ્ણની જન્માષ્ટમી, શ્રીરામની રામનવમી અને જગદંબાની નવરાત્રી. શું તે દિવસે બીજા દેવોની સ્તુતિ ન કરી શકાય?

અલબત્ત પૂ. મા એમ સમજાવવા માગે છે કે અવતારોની પ્રાચીન પરંપરાથી જનમાનસમાં એ ઉત્સવોએ સ્થાન લીધેલું હોય છે એટલે એ સ્મરણની પરંપરા ચાલી આવતી હોય છે, પરંતુ પરમતત્ત્વ તો એક જ છે. ગમે તે સ્વરૂપનું સ્મરણ ગમે ત્યારે કરી શકાય છે. બધું જ સ્મરણ પરમાત્માને જ પહોંચે છે. પોતાની રુચિ પ્રમાણે સ્મરણની વિશેષતા જળવાતા નામસ્મરણમાં અધિક આનંદ આવે છે. દિવસો નક્કી થયેલા હોય છે એટલે મર્યાદિત સમયમાં વધારે ને વધારે નામસ્મરણનો સંકલ્પ કરીને પોતપોતાના વ્રત, અનુષ્ઠાન એકાગ્રપણે કરે છે. અલબત્ત નામસ્મરણ માટે કોઇ પણ નામ કે દિવસ કોઇ વ્યક્તિ માટે બંધનરૂપ નથી. પ્રેમપૂર્વક મન મૂકીને મનગમતું સ્મરણ ગમે ત્યારે કરી શકાય છે.

(અનુસંધાન આવતા અંકમાં)



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની જન્મભૂમિ

# સરોડામાં રોગનિદાન યજ્ઞ

નારાયણ હ. જાની
ડો. બી. જે. જાગાણી

૧૯૯૭ માં ટ્રસ્ટની એક મીટીંગમાં પ. પૂ. ગુરુદેવની પ્રેરણાથી જ પૂ. માએ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને સૂચવ્યું ૧૯૯૮–૯૯ ના વર્ષ દરમ્યાન ત્રણ રોગનિદાન યજ્ઞો કરો. એક સરોડામાં, બીજો અંબાજી અને ત્રીજો ઋષિકેશ કે દેવપ્રયાગમાં. એના ફલસ્વરૂપ તા. ૧૬–૮–૯૮ ના રોજ એક સરસ નિદાનયજ્ઞ પૂ. શ્રીની જન્મ- ભૂમિ સરોડામાં યોજાયો. એટલું જ નહિ પણ તે ખૂબ સફળ રહ્યો. ધાર્યા કરતાં તેને અદ્‌ભુત સફળતા મળી કારણ કે તેને અણકલ્પેલ લોકસહકાર સાંપડયો. ચાલો આપણે એ રોગનિદાન યજ્ઞની વાતો વિગતે જોઇએ.

**પૂર્વભૂમિકા:**–સાબરમતીને કિનારે આવેલું સરોડા એ અમદાવાદ જેવા ગુજરાતના પ્રથમ નંબરના શહેરથી માત્ર ૨૮ કિલોમીટર દૂર આવેલું છે. તેની કુલ વસ્તી ૪ હજાર જેટલી છે. તેમાં બધી જ જાતિના લોકો વસે છે, પરંતુ વિશેષ વસ્તી બ્રાહ્મણોની છે. વળી ગામમાં પ્રાથમિક અને માધ્યમિક શાળા આવેલી છે.

ગ્રામપંચાયત, દૂધ સહકારી મંડળી, સેવા સહકારી મંડળી જેવી સંસ્થાઓ પણ છે. ગામમાં આરોગ્ય કેન્દ્ર પણ છે. આવા ગામમાં રોગનિદાન યજ્ઞની આવશ્યકતા ખરી? એવો પ્રશ્ન સહેજે ઊઠે. પરંતુ પૂ. માએ આજ્ઞા કરેલી એટલે તે કાર્ય હાથ ઉપર લીધું.

**આયોજનઃ**–આ કાર્યના આયોજનના ભાગરૂપે જુલાઇ અને ઓગસ્ટમાં ટ્રસ્ટીઓ શ્રી બાબુભાઇ વોરા અને શ્રી રાજુભાઇ જાની તેમ જ ભાવનગરના ડો. બી. જે. જાગાણી, અમદાવાદના શ્રી કુમુદચંદ્ર ત્રિવેદી, શ્રી કસ્તુરભાઇ પટેલ, શ્રી બીપીનભાઇ ઠક્કર અશોકભાઇ ગણાત્રા વગેરેએ બે વાર મુલાકાત લીધી. શરૂથી જ ગામના સરપંચ શ્રી રણછોડભાઇ તેમ જ ગામના યુવકોનો સારો પ્રતિભાવ મળ્યો. સરોડા ઉપરાંત આસપાસના નજીકનાં આઠ ગામોને પણ આમાં આવરી લેવા નક્કી કર્યું. યજ્ઞ માટેની તારીખ ૧૬ ઓગસ્ટ ૧૯૯૮ ને રવિવારની ઠરાવવામાં આવી. તે માટે કામની વહેંચણી કરવામાં આવી. ભાવનગરથી શ્રી રાજુભાઇ જાની અને ડો. જાગાણીએ પ્રચાર માટેની પત્રિકાઓ તેમ જ ૧૧ બેનર્સ બનાવી મોકલાવી આપ્યા. આસપાસનાં ગામોમાં રીક્ષા ફેરવીને સરપંચ શ્રી તેમ જ શ્રી ગોપાલભાઇએ સારો એવો પ્રચાર કર્યો.

પત્રિકાઓ આસપાસના ગામોમાં વહેંચવામાં આવી. તેમાં જુદા જુદા રોગોના સાત જેટલા એમ. ડી. ડોક્ટરોની વિનામૂલ્યે સેવાઓ તેમ જ સાથે સાથે જરૂરી મફત દવા અને નંબરવાળા મફત ચશ્મા પણ આપવામાં આવશે, તે વાત જણાવવામાં આવી. પત્રિકામાં ગામના આગેવાન નાગરિકો, તેમ જ નજીકના ગામોના સરપંચોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો, જેથી તેઓનો ઉત્સાહ વધે.

**ડોક્ટરોની વિગતઃ**–ડો. ભવ્યાંગભાઇ વોરા આંખના ડોક્ટર, ડો. મનન શાહ નાક–કાન ગળાના ડોક્ટર, ડો. કુન્દન ગોહિલ (ભાવનગરના શ્રી આશિષ ગોહિલની પત્ની) બાળકોના ડોક્ટર શ્રી રૂપલ શાહ સ્ત્રીરોગ નિષ્ણાત, ડો. બી. એસ. શાહ જનરલ



ફીઝીશિયન, ડો. અમી ત્રિવેદી (ભાવનગર) પેથોલોજીસ્ટ સુરતથી ઓલ હોમીયોપેથીક ડોક્ટર શ્રી પટેલ વગેરેએ તા. ૧૬ મી ઓગસ્ટે સેવાઓ આપી. ચશ્માના નંબર કાઢી આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલી.

**નિદાન યજ્ઞનો પ્રારંભઃ**–પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સામે ધૂપ–દીપ પ્રકટાવીને કરવામાં આવ્યો. શ્રી નારાયણભાઇ જાની અને શ્રી બાબુભાઇ વોરાની વિનંતીને માન આપી સરપંચ શ્રી રણછોડભાઇએ આ વિધિ કરી.

નિદાન યજ્ઞના પ્રારંભમાં દર્દીઓનું નામ નોંધી કયા રોગ માટે કયા ડોક્ટરને બતાવવાનું છે તેની સ્લીપો પુરુષો અને સ્ત્રીઓ માટેના અલગ અલગ વિભાગો પાડી કરવામાં આવી. બહેનો માટે આ સેવા શ્રી અરૂણા અને ગીતાબેન ઠાકર, શ્રી જયાબેન પટેલ, શ્રી જયશ્રીબેન વોરા, શ્રી દમયંતીબેન, શ્રીવિનોદિની બેન અને રંજનબેન ઠાકરે બજાવી. તેમની મદદમાં શ્રી મધુબેન જાગાણી, પ્રગતિબેન જાની, ઉર્વશી જાની, નેહલ અને ધ્વનિ જાની, વિમળાબેન તથા પ્રભાબેન પટેલ, વગેરે રહ્યા. તો ભાઇઓ માટેની સેવા શ્રી વિજયભાઇ કનેરિયા અને વિજયભાઇ અને અજયભાઇ કલોલા તેમ જ સંજય પંડયાએ બજાવી. આ ઉપરાંત વિવિધ પ્રકારની અન્ય સેવાઓમાં શ્રી પ્રભુભાઇ હળવદિયા, શ્રી કુમુદચંદ્ર, શ્રી મનુભાઇ ઝાલા, શ્રી જે. કે. શ્રી અરૂણભાઇ ઉપાધ્યાય, શ્રી ગૌતમકુમાર તેમ જ અજય જાનીએ પોતાનું પ્રદાન કર્યું.

દર્દીઓને નારાયણ સ્વરૂપ માનીને તેમને તપાસી ભૌતિક દર્દોની દવા ભાવપૂર્વક લખી આપતા. અમને જાણીને આશ્ચર્ય થયું કે ૨૫૦ કરતા વધુ દર્દીઓ આંખના દર્દોના હતા. તેમાં ૧૦૬ દર્દીઓને નંબરવાળા ચશ્માં આપવામાં આવ્યાં. તેમ જ ૨૬

દર્દીઓ એવા હતા, જેમના મોતિયા પાકી ગયા હોય અને વિલંબ કરે તો દૃષ્ટિ જતી રહે. આવા દર્દીઓ માટે સ્થળ ઉપર જ એક યોજના જાહેર કરી કે આ બધા દર્દીઓને ડો. ભવ્યાંગભાઇ વોરા મફત ઓપરેશન કરી આપશે. તેઓ ફક્ત નેત્રમણિનો ચાર્જ લેશે. સરપંચ શ્રી હવે પછી દર રવિવારે પાંચ–પાંચ દર્દીઓને મોકલી આપશે. આમ માત્ર સવા મહિનામાં જ આ બધા વૃદ્ધ દર્દીઓને દૃષ્ટિ પ્રાપ્ત થશે. નેત્રમણિનો ખર્ચ પણ જુદા જુદા સાધકભાઇ-ઓએ પોતા તરફથી આપવાની જાહેરાત કરી–દર્દીઓ દત્તક લીધા.

દર્દીઓને સામાન્ય દર્દોમાં આપવાની દવાઓ, ભાવનગર અને અમદાવાદથી લાવવામાં આવેલી. ખૂટતી દવાઓ ચાલુ નિદાન યજ્ઞે ધોળકાની બજારમાંથી ત્રણવાર મંગાવી દર્દીઓને આપવામાં આવી. આ કામગીરી શ્રી અજય જાની, શ્રી છાંટબાર, શ્રી હળ-વદિયા, શ્રી વિજય કનેરીયા તથા એસ. બી. એસ. ના ઓફિસર શ્રી પટેલ સાહેબે કંટાળ્યા વગર બજાવી.

નિદાન કર્યા પછી દરદીઓને મફત દવાઓ આપવાની વ્યવસ્થા ખાસ કરવામાં આવેલ. આ આખો વિભાગ શ્રી રમેશ-ભાઇ પરીખે (ભાવનગરવાળા) સંભાળેલ. તેઓએ આ યજ્ઞ માટે સારી એવી આર્થિક મદદ તેમ જ પોતાની આવડતની સેવાઓ આપીને નિદાન યજ્ઞને સફળ કરવામાં સારો એવો ફાળો આપ્યો. દરેક દરદીને દવા સાથે પૂ. મહાત્મા યોગેશ્વરજીની સરલગીતા પણ ભેટ આપવામાં આવી. આ કામગીરી શ્રી સૂર્યકાન્તભાઇ ભટ્ટે સરસ રીતે સંભાળી.

કુલ ૧૦૮૫ દરદીઓએ નિદાન યજ્ઞનો લાભ લીધો. આ સંખ્યા જ આશ્ચર્ય પમાડે તેવી લાગી. ગામના સરપંચ શ્રી તેમ જ શ્રી ગોપાલભાઇ દવે વગેરેએ જાતે જે પરિશ્રમ ઊઠાવેલ તેના



ફળસ્વરૂપ આટલા બધા દર્દીઓ આવ્યા. આંખના ચશ્મા મેળવનાર કેટલીક બ્હેનોના પ્રતિભાવો પણ બહુ જ આશ્ચર્ય અને આનંદ ઉપજાવે તેવા હતા. ચશ્મા પહેરતાં જ બેતાલાંવાળી કેટલીક બ્હેનો બોલી ઊઠતી કે "હવે તો સરસ મજાનું દેખાય છે" તો કેટલીક બ્હેનોની તપાસણી પછી તેમને ગંભીર રોગના ચિહ્નો જણાયેલાં. આવી ચાર બ્હેનોને ગર્ભાશયના કેન્સરના ઓપરેશન તાત્કાલિક કરાવવાની જરૂરત જણાતાં, ડો. રૂપલ શાહે પોતા તરફથી વિના ફી તે કરી આપવાની જાણ આ બ્હેનોને કરેલી.

આવા નિદાન યજ્ઞો બીજી સંસ્થાઓ તરફથી થતા રહે છે. પણ આ નિદાન યજ્ઞની વિશેષતા એ રહી કે તેમાં માત્ર રોગોનું નિદાન જ કરી આપવામાં આવ્યું એટલું જ નહીં પણ સાથે સાથે તે માટેની દવાઓ પણ મફત આપવામાં આવી. વળી ચશ્માના નંબરો કાઢી મફત ચશ્માંય આપવામાં આવ્યાં. અને જેમને ઓપરેશનોની જરૂર હતી તેમને ઓપરેશન પણ મફત કે ઓછામાં ઓછે ખર્ચે થાય તેવી વ્યવસ્થા ગોઠવી આપવામાં આવી. પ. પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપા સિવાય આ શક્ય ન જ બન્યું હોત.

નિદાન યજ્ઞમાં બહારથી આવનાર ડોક્ટરો તેમ જ સેવા આપવા આવેલ સાધકોના ભોજનની વ્યવસ્થાની ખૂબ જ મહત્ત્વની કામગીરી સરોડા નજીક રહેતા પૂજ્યશ્રીના ભક્ત શ્રી નારાયણભાઇ ભરવાડે પોતા તરફથી ઉપાડી લીધી. તેમનો આખો પરિવાર ખડે પગે તૈયાર રહ્યો. તેઓએ મિષ્ટાન્ન ભોજન ઉપરાંત બહારથી આવેલ સૌ ડોક્ટરો અને સાધકો માટે બટાટા પૌંઆ અને દૂધના નાસ્તાની પણ વ્યવસ્થા રાખેલ. ડોક્ટરોએ એકધારી પાંચ કલાક સેવાઓ આપી તે દરમિયાન તેઓને થોડા થોડા કલાકોના અંતરે 'બીસેલરી વોટર' તેમ જ લીંબુનું સરબત પણ

ગામલોકોના સહકારથી સંસ્થાએ પહોંચાડયું. છેલ્લા દરદી સુધી દરેકને સંતોષ થાય તે રીતે સેવા આપવામાં શ્રી રાજુભાઇ જાની અને ડૉ. જાગાણીએ, સરપંચ તેમ જ ગામના બીજા ભાઇઓની મદદથી સરસ કામગીરી બજાવી.

**પૂ. મા-પૂ. પ્રભુનો વરદ હસ્ત-અનુભવઃ**-સમગ્ર નિદાન યજ્ઞ દરમિયાન કોઇ તકલીફ પડી નહીં. કોઇની પાસેથી નાણાં માગવાની આવશ્યકતા ઊભી નથી થઇ. જરૂરિયાત કરતાં પણ વધારે નાણાં મળી રહ્યા. શ્રી આકોલીયા, શ્રી રાજુભાઇ, શ્રી જાગાણી, શ્રી રમેશભાઇ પરીખ, શ્રી જયાબેન, શ્રી કેતનભાઇ બેરાવાલા-ભરુચ, શ્રી દિનેશભાઇ શાહ-વડોદરા, શ્રી જયસુખ-લાલ રાજકોટ, શ્રી પોપટલાલ વ્રજલાલ અમદાવાદ, ડૉ. મેનાબેન જાવીયા, શ્રી અરૂણા ઠાકર, શ્રી સૂર્યકાંતભાઇ, એક અનામીદ્વારા યથાશક્તિ પ્રમાણે ફાળો મળ્યો. ક્ષણે ક્ષણે પૂ. મા-પ્રભુની હાજરી, અદૃશ્ય વ્યસ્થાપન, સૂક્ષ્મ સહાય, ભૌતિક સુવિધાઓના યોગોના અનુભવો થતા રહ્યા. કોઇને પણ તકલીફ પડી નહીં. પ્રત્યેક દરદીને એક ગીતાજી ભેટ આપી. સાધકોમાં આત્મવિશ્વાસ આવ્યો કે આવા નિદાનયજ્ઞો કરી શકાય છે. પૂ. માની આજ્ઞા હોય તો-ઈચ્છા હોય તો બધું જ શક્ય બને છે. અમેરીકાથી આવેલ પ્રભાબેનની હાજરી પ્રોત્સાહક અને નોંધનીય હતી.

આ દિવસે આકાશ ખુલ્લું રહેલ-વરસાદ ન હતો-તેથી આયો-જનમાં ઘણી સુગમતા રહી તે બદલ પ્રભુનો આભાર માન્યો, પરંતુ શાળાના ઓરડાઓ જેમાં ચિકિત્સાની કામગીરી ગોઠવેલી. ત્યાં દરદીઓના ધસારાને લઇને ગરમી પણ ઘણી લાગતી હતી.

સરપંચશ્રી અને બીજાઓએ પંખાઓ-ટેબલફેન અને ફ્રીઝના પાણીની વ્યવસ્થા કરી આપેલ. શ્રી ચંદ્રકાંત પટેલે વિડિયો તથા



કેમેરાદ્વારા આ પ્રસંગે ફોટોગ્રાફી માટે કંડાર્યો.

ગામના વૃદ્ધો શ્રી ભજગોવિંદભાઇ તેમ જ શ્રી સનાભાઇ વ્યાસ આસી. હેડમાસ્તર, સહકારી મંડળીના પ્રમુખ શ્રી સુરેન્દ્ર-ભાઇ તથા કેટલાક યુવકોએ પણ ખાસ ઉપસ્થિત રહી મદદ કરી. શ્રી રજનીભાઇ ઠક્કર પણ સૌના સ્વાગતમાં જોડાયેલ.

જે સાધકો બહારગામથી આવેલ તેઓએ પૂજ્યશ્રીના જન્મ-સ્થાનની પણ મુલાકાત લીધી. ત્યાં બેસીને જપ, ધ્યાન, ધૂન કરીને પોતાનો ભક્તિભાવ પ્રદર્શીત કર્યો. પૂજ્યશ્રીએ કેવી વિપરીત સ્થિતિમાં રહી સાધના કરી તે ભક્તોને, સાધકોને આ મુલાકાતથી પ્રત્યક્ષ જોવા મળ્યું. પૂ. ગુરુદેવ અને પૂ. માના ગુણાનુવાદ ગાતા સહુ સાધકોએ સરોડાની ભૂમિને વંદન કરી વિદાય લીધી. વિદાય લેતાં ગાયું "ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું."

O

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭
ફોન : ૨૨૮૨૩૧

# અધ્યાત્મનું લવાજમ

અધ્યાત્મ માસિક ૧૯ વર્ષ પૂરાં કરી ઓક્ટોબર–૯૮ માં વીસમા વર્ષમાં પ્રવેશ કરે છે. તેથી જે ભાઈબહેનોએ ગયા વર્ષે ઓક્ટોબરથી વાર્ષિક લવાજમ ભરેલ છે, તેમને તેમનું વાર્ષિક લવાજમ ધ્યાનકેન્દ્રો મારફત અગર તો નીચેના સરનામે મની-ઓર્ડર કે ડ્રાફ્ટથી મોકલાવી આપવા વિનંતિ છે. તા. ૫ ઓક્ટોબર સુધીમાં જેમનાં લવાજમો મળશે તેમને ઓક્ટોબરનો અંક મોકલવામાં આવશે. તે પછી નોંધાયેલ ગ્રાહકોને અંક સ્ટોકમાં હશે તો રવાના કરાશે.

સરનામું
નારાયણ હ. જાની, તંત્રી અધ્યાત્મ, "પરમધામ",
પ્લોટ નં. ૧૬૮૮/બી, સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

અધ્યાત્મનું વાર્ષિક લવાજમ રૂા. ૨૫ છે ને ભારતનું આજીવન લવાજમ રૂા. ૨૫૧ છે.

— તંત્રી



સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ચાર ટ્રસ્ટીઓએ શ્રી અરુણાબેન ઠાકર શાસ્ત્રોક્તવિધિથી
પૂ. ગુરુદેવ અને પૂ. માનાં સ્વરૂપોનું પૂજન કરાવી રહ્યાં છે.



તા. ૧૫ ઓગસ્ટે પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના પ્રાકટ્યદિનની ઉજવણી પ્રસંગે અમદાવાદના સરદાર પટેલ હોલમાં ઉપસ્થિત ભાઈઓ અને બહેનોની મેદની.





તા. ૧૬–૮–૯૮ ના રોજ સરોડામાં યોજાયેલ નિદાન યજ્ઞના સ્થળનું દૃશ્ય.



નિદાન યજ્ઞના પ્રારંભમાં પ. પૂ. યોગેશ્વરજીના સ્વરૂપ સમક્ષ દીપ પ્રકટાવી ઉદ્‌ઘાટન કરતા સરોડાના રસપંચ શ્રી રણછોડભાઈ. યોગેશ્વર પરિવારના શ્રી નારાયણ ભાઈ જાની અને શ્રી બાબુભાઈ વોરા તેમ જ ગામના ઉત્સાહી કાર્યકરો દેખાય છે.



નિદાન યજ્ઞમાં આવતા દર્દીઓને શરૂમાં કેસ કાઢી આપતા શ્રી ગૌત્તમભાઈ ભટ્ટ અને પ્રભુભાઈ હળવદિયા. તેમની પાછળ શ્રી વિજયભાઈ કલોલા અને ડો. કુન્દનબેન ગોહિલ દેખાય છે.



આંખના ડૉ. શ્રી ભવ્યાંગભાઈ વોરા અને તેમના મિત્ર દર્દીઓની આંખો તપાસી રહ્યા છે.



હોમિયોપેથિક ડૉ. શ્રી જયેશ પટેલ દર્દીને તપાસી દવા કેમ લેવી તે સમજાવી રહ્યા છે.



દર્દીઓને નિદાન પ્રમાણે મફત દવાઓનું વિતરણ શ્રી રમેશભાઈ પરીખ, ડૉ. અમી ત્રિવેદી કરી રહ્યાં છે. તેમને મદદ કરી રહ્યા છે શ્રી ગૌત્તમભાઈ ભટ્ટ, જયસુખભાઈ, અજય કલોલા અને બીજાઓ.



# નવરાત્રિ જપયજ્ઞનો કાર્યક્રમ

દરવર્ષની જેમ આ વરસે પણ નવરાત્રિમાં જપયજ્ઞનું આયોજન ભાઈ શ્રી અજય કલોલાના સંચાલન હેઠળ અંબાજીના સ્વર્ગારોહણમાં કરવામાં આવનાર છે. નવરાત્રિનો પ્રારંભ તા. ૨૧–૯–૯૮ ના રોજ તે પૂરા થાય છે બે ચોથ હોવાથી આ વખતે ૧૦ દિવસ નવરાત્રિના છે. આ જપયજ્ઞમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ઉપસ્થિત રહેશે એવું જાણવા મળ્યું છે.

સ્વર્ગારોહણમાં નવા બંધાયેલ હોલનું ઉદ્ઘાટન અને ઉપયોગનો પ્રારંભ પૂ. માની ઉપસ્થિતિમાં થશે. આ જપયજ્ઞમાં ભાગ લેવા ઈચ્છતા સાધક ભાઈબહેનોએ તા. ૨૦–૯ ની રાત સુધીમાં હાજર થઈ જવું. અધવચ્ચેથી પણ જપયજ્ઞમાં જોડાઈ શકાય. નિયમ વગેરે દરવર્ષની જેમ રહેશે.

— તંત્રી


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

## * મને હું... *

મને હું પામી નથી શકતો,
'હું' ને હું માપી નથી શકતો
મને હું તાગી નથી શકતો. મને હું૦

પંચેન્દ્રિયની બહિર્લીલામાં
નિશદિન ગોથાં ખાતો,
મન–બુદ્ધિથી ઉપર ઊઠતાં
અર્થજીવન સમજાતો;
અદ્વૈતે સંવાદ વિશ્વનો
રોશન સહજે થાતો. મને હું૦

આત્માની અખિલાઈ પામતાં
મપાય ગહરી માયા,
સત્ત્વ–સિદ્ધિનો સૂરજ તપતાં
વિલીન સઘળી છાયા;
શોક–મોહનાં વાદળ વિખરે
હંસલો 'સોઽહં' ગાતો. મને હું૦

અતીતના ઓળા અભડાવે,
ભાવિ–ભીતિ ભડકાવે!
વર્તમાનને વ્હેતો મૂકતાં
વિશ્વ–નિયમ સપડાવે.
ક્ષણ ક્ષણને સરવાળે જીવતાં
લક્ષ્ય–બિંદુ દર્શાયે. મને હું૦

—ડૉ. રણજિત પટેલ (અનામી)



## * દિલાસો *

( ભુજંગી )

તમારો સહારો, તમારો દિલાસો,
વિભો આજ મારે તમારો વિસામો,
હવે શોધવો ક્યાં તમારો ઈશારો!
મળી જાય જેથી તમારો દિલાસો.

ફરીને જ જોતો સવારે ય સાંજે,
પળે ને કલાકે નિસર્ગે ધરાયે.
અને છોડ છોડે ઝલોમાંય પર્ણે,
ઉષા, ચંદ્ર, તારા, નભે, સૂર્ય, રાને.

નદી, સાગરે, પ્હાડ, પંખી, સમીર,
દિશાએ નિશાએ પ્રકાશે ય અભ્રો,
વને ખીણ ખીણે ગુફાએ ય ઘાસે,
અને ખેત ખેતે મળે શી ય શાતા.

વિભુની ધરા છે અનોખી જ દાતા,
અને ગોદ એની જ દેતી ય શાતા,
દિલાસો વિસામો મળે ત્યાં ય સૌને
જગે સ્વાર્થ લોકો તણો શો ભરોસો?

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

### સ્વાતંત્ર્યની સુવર્ણ જયંતીના સમાપન પ્રસંગે

## સાર્વત્રિક પરિવર્તનનો નવો પંથ કંડારીએ

૧૫ મી ઓગસ્ટ એટલે આપણા રાષ્ટ્રની સ્વતંત્રતાનું પનોતું પર્વ. પ્રત્યેક ભારતવાસી માટે આ આનંદ અને ગૌરવનો અવસર છે. સ્વાતંત્ર્યનાં પચાસ વર્ષ આપણે પૂર્ણ કર્યાં. આજે આઝાદીના સુવર્ણજયંતી વર્ષની ઉજવણીના સમાપનનો દિવસ છે.

સ્વતંત્રતાની અડધી સદી એ કોઇ પણ રાષ્ટ્ર માટે નાનીસૂની ઘટના નથી. આ પચાસ વર્ષમાં આપણે પ્રજાકલ્યાણ માટે, રાષ્ટ્રનિર્માણ માટે શું શું કર્યું એનું લેખુંજોખું કરવા બેસીએ તો નિરાશ થવાય એવું છે. આપણી સામે આજે પણ આ સવાલો મોં ફાડીને ઊભા છે. આઝાદી તો મળી પણ તે સાથે આબાદીનું આપણું જે લક્ષ્ય હતું તે પાર પડયું છે? છેવાડાના માનવી સુધી આઝાદીનાં ફળ પહોંચાડવાની આપણી નેમ હતી તે સિદ્ધ થઇ છે? "સ્વારાજ્યથી સુરાજ્ય"ની સ્થાપનાનું આપણું સ્વપ્ન હતું તે સાકાર થઇ શક્યું છે? આ બધા સવાલોનો જવાબ આપણને "ના"માં મળશે.

અમારી સરકારે શાસનનાં સૂત્રો સંભાળ્યાં બાદ પરિવર્તનનો નૂતન માર્ગ પકડયો છે. અને શાસનના ટૂંકા ગાળામાં પણ કેટલાંક મક્કમ અને નક્કર કદમ ભર્યાં છે. આ તો હજુ શરૂઆત છે. દાયકાઓથી ઘર કરી ગયેલી જૂની ઘરેડમાં બદલાવ લાવવાનું કામ સહેલું નથી. આ એક ભગીરથ કાર્ય છે. સંપૂર્ણ પરિવર્તન કંઇ રાતોરાત આવી જવાનું નથી. પરંતુ અમે એ દિશામાં ધ્યેય અને નિષ્ઠાથી પગલાં માંડયાં છે. અનેક અવરોધો અને પડકારોની વચ્ચે પણ અમે અડગ નિશ્ચયબળથી આગળ વધી રહ્યા છીએ. ગુજરાતને સમૃદ્ધ, સલામત, સમરસ, સ્વાભિમાની અને ઉન્નત બનાવવા અમે કૃતસંકલ્પ છીએ. પરિવર્તનલક્ષી વિકાસવ્યૂહનો અમારો પુરુષાર્થ પ્રબળ જનવિશ્વાસ અને પ્રજાકીય સહયોગવડે જ સાર્થક થઇ શકે. અમારા પ્રયાસોમાં પ્રજાએ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો છે આથી અમારો ઉત્સાહ બમણો થયો છે.

આપણી લડાઇ તો અનિષ્ટો સામેની છે, સમગ્ર સમાજે એકતાથી આ ખરાબીઓ સામે બાથ ભીડવાની છે. આજના અવસરે મારી સૌને અપીલ છે કે આવો, આપણે સૌ સાથે મળી અનિષ્ટોનો નાશ કરી સાર્વત્રિક પરિવર્તનનો નવો પંથ કંડારીએ.

કેશુભાઇ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## સાર્વત્રિક પરિવર્તનને પગલે પગલે.... .... ....

ચીલાચાલુ ઢાંચો છોડી નવો બદલાવ, નવું પરિવર્તન પ્રજા ઝંખે છે. અમે પ્રજાને શાસનમાં સીધા ભાગીદાર બનાવવા અને વહીવટ સહિત વિકાસના તમામ ક્ષેત્રે રચનાત્મક પરિવર્તન માટે "પરિવર્તન સેલ" કાર્યાન્વિત કર્યું છે. આ યોજનાને હજારો સૂચનો સાથે ઉમળકાભર્યો પ્રતિભાવ સાંપડી રહ્યો છે.

ખોટાં કૃત્યો વિષે, ખામીઓ વિષે, તંત્ર, શાસન, વહીવટ, ગુનાઓ વગેરે વિષે ઘણાને કંઇક કહેવું હોય છે. નાગરિક આવી ફરિયાદો નિર્ભય રીતે કરી શકે તે માટે ગૃહવિભાગ તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં સ્વયંસંચાલિત ટેલિફોન સીસ્ટમ ઊભી કરવામાં આવી છે. નાગરિકની આ માહિતી ગુપ્ત રહે તેની પણ કાળજી અમે રાખી છે.

શિક્ષણક્ષેત્રની સાર્વત્રિક સુધારણા માટે અમે સઘન ઝુંબેશ હાથ ધરી છે. પ્રથમ તબક્કે પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરવા અને પ્રાથમિક શિક્ષણને વધુ પરિણામલક્ષી બનાવવા સારું વિદ્યા સહાયક યોજના હાથ ધરી છે.

લોકોની આરોગ્ય વિષયક સુખાકારી વધે તે માટે પ્રારંભથી જ અમે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સર્વ નાગરિકોને હેલ્થકાર્ડ મળી રહે તેવું આયોજન કર્યું છે અને પ્રથમ તબક્કે અમદાવાદથી તેનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોમાં કોઇ ધણીધોરી થતું નહતું. અમે મોબાઇલ જીવનસુરક્ષા કેન્દ્રોદ્વારા એમની વહારે ધાયા છીએ.

આધુનિક ટેકનોલોજીનું સ્થાનિક જરૂરિયાતના સ્વરૂપમાં ટ્રાન્સફર્મેશન કરવા અમે ઇન્ફર્મેશન ટેકનોલોજીનો નવો વિભાગ શરૂ કર્યો છે. વિશ્વભરના પારદર્શક પ્રતિભાવોના આદાન-પ્રદાન માટે ઇન્ટરનેટ વેબસાઇટ અપનાવી છે.

નર્મદા યોજના ઝડપથી પરિપૂર્ણ કરવાનો નિર્ધાર.

વાવાઝોડાની સંભવિત વિનાશક અસરો નિવારવા રૂ. ૨૨૦૦ કરોડનો પ્રોજેક્ટ.

ગુજરાતની આગવી ઓળખ અને સ્વાભિમાનની અનુભૂતિ માટે "ગુજરાત પેટર્ન".

૨૧ મી સદીમાં ગુજરાતને સક્ષમ-અગ્રેસર બનાવવા આંતરમાળખાકીય વિકાસનો એજન્ડા.

જીવનમાં શાંતિ જોઇતી હોય તો પરમાત્મા તરફ પાછા વળો. નિસર્ગ તરફ પણ વળો. જીવનને જેટલું બને તેટલું સાદુ, બને તેટલું સરળ અને શુદ્ધ તેમ જ માનવતાથી મહેંકતું રાખશો, તેટલી શાંતિ તમને મળશે.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



સ્વામી શિવાનંદ

# શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

સંક્ષેપ : યશસ્વીભાઇ ય. મહેતા

ઓગણીશમી સદીના છેલ્લા બે દસકા અતિ મહત્ત્વના હતા. ૧૮૫૭ ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામને કચડી નાંખવામાં અંગ્રેજ સલ્તનત–ઈ. સ. ઇન્ડિયા કંપની સફળ થઇ હતી. એ સમયે રામકૃષ્ણદેવ હજુ ગદાધર નામે જ જાણી તા હતા. તેમની ઉંમર એ વખતે એકવીશ વર્ષની જ હતી. સોળમે વર્ષે, તેમના મોટા ભાઇ રામકુમારે કલકત્તા તેમને બોલાવી લીધા હતા. અને શ્રીમંત કુટુંબોમાં દેવપૂજા માટે કર્મકાંડી બ્રાહ્મણોને રોકવામાં આવતા. તે મુજબ રામકુમાર કેટલીક જગ્યાએ નિત્ય પૂજાપાઠ માટે જતા ને ગદાધરને ય આવી સેવામાં પ્રયોજતા. મોટાભાઇની સંસ્કૃતશાળામાં કે તે વખતમાં અપાતા પેટભરા કેળવણીમાં લેવાની તેમણે ઘસીને ના પાડી દીધી હતી. ૧૮૫૬ માં રામકુમારે દક્ષિણેશ્વર કાલીમંદિરના પૂજારી તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી. પરંતુ એક જ વર્ષમાં તેમનું અવસાન થતાં અનિચ્છા હોવા છતાં કાલીમાના પૂજારી તરીકેની જવાબદારી એવી શરતે સ્વીકારી હતી કે માના બધાં કિંમતી આભૂષણોની સંભાળ ને રખેવાલી લગભગ તેમની જ ઉંમરના તેમના ભાણેજ હૃદયરામને સોંપવામાં આવે.

દક્ષિણેશ્વર મંદિરનું નિર્માણ કરનાર રાણી રાસમણિદેવીને ૧૮૫૭ માં રાગભક્તિભાવથી પૂજા કરતા ગદાધરે, તેના ભજન દરમ્યાન તે સાંભળવા બેઠેલ, દર્શન કરવા આવેલ ત્યારે તેનું

ધ્યાન અન્યત્ર લાગેલું જોઇ, પૂજારી ગદાધરે તેના ગાલ ઉપર બે તમાચા જોરથી મારી દીધા હતા. ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે રાણીએ કેઈસ કરેલ તે જીતશે કે કેમ તેની ચિંતા તે કરી રહ્યાં હતાં, રાણીએ જ નોકરીમાં રાખેલ કાલીમાનો બે ટકાનો પગાર-દાર પૂજારી ખુદ રાણીને કાલીમાના મંદિરમાં જ આવી ધૃષ્ટતા કરે તે જોઇ રાણીની સાથે આવેલા વસાયતાઓ ગદાધરને શિક્ષા કરવા ધસી ગયા ત્યારે રાણીએ તેમને રોક્યા હતા. તેમણે તમાચો મારનાર પૂજારી ગદાધર સામે જોયું ત્યારે તેમને પૂજારીની જગ્યાએ ખુદ મા કાલીનાં જ દર્શન થયાં હતાં. આ તમાચા તેના પ્રસાદરૂપે રાણીએ છાનામાના પશ્ચાતાપ ભાવે સ્વીકારી લીધા હતા. કહેવાની જરૂર નથી કે રાણીને આ તમાચા માના આશીર્વાદરૂપે ફળ્યા હતા અને ઈસ્ટ ઈન્ડિયા કંપની સામેનો કેઇસ તેઓ કોર્ટમાં જીતી ગયાં હતાં. આ ઘટના સ્વાતંત્ર્ય સંગ્રામ ૧૮૫૭ ના અરસામાં જ બની હતી. ૧૮૬૧ માં રાણીએ દક્ષિણેશ્વર મંદિરનું ટ્રસ્ટ ૧૪ ફેબ્રુઆરીએ કર્યું તેમાં સહી સિક્કા કર્યા પછી તેનું બીજે જ દિવસે અવસાન થયું હતું.

૧૮૫૬ થી ૧૮૬૬ ગદાધરની મા કાલીની સાધના પૂરી થઇ. ત્યારે છેલ્લા છ માસ નિર્વિકલ્પ (અદ્વૈત) સમાધિમાંથી તેઓ બહાર આવ્યા હતા. તેમની અદ્વૈત સાધનાના ગુરુદેવ તોતાપુરીએ આશ્ચર્ય-મુગ્ધ બનીને પોતાના શિષ્યને ત્રણ દિવસમાં અદ્વૈત સાધના સિદ્ધ કરી, (જે માટે સ્વયં ગુરુને ચાલીશ વર્ષ લાગ્યાં હતાં).

માસ્ટર મોશાય 'મ' રામકૃષ્ણ કથામૃતના આ લેખક ૧૮૮૨ માં સૌ પ્રથમ રામકૃષ્ણદેવને મળ્યા ત્યારથી માંડીને ૧૬ ઓગસ્ટ ૧૮૮૬ નાં તેમના દેહાવસાન સુધીનો અહેવાલ તેમણે આલેખ્યો છે. પરંતુ તે પહેલાં તેમની ભક્તજનો, સાધકો વગેરે સાથેના



વાર્તાલાપોની કોઇ નોંધ મળતી નથી. કથામૃતમાં ય જે દિવસોએ 'મ' દક્ષિણેશ્વર રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં જતા ત્યારની જ નોંધો છે. તેમના અંતરંગ શિષ્યો ત્યાર પછી ૧૮૮૩ થી આવવા લાગ્યા હતા. તેમણે ય રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં પોતાની સાથે થયેલ વાર્તાલાપ, અનુભવો વગેરેની નોંધ કરી છે.

રામકૃષ્ણદેવના ત્યાગી શિષ્યોની સંખ્યા ૧૫ ની છે. ગૃહસ્થ ભક્તોની સંખ્યા ૧૨ ની છે. બ્રાહ્મ ભક્તો ને પ્રશંસકોની સંખ્યા ૧૩ ની છે. આ બધાની નોંધોમાં 'રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં' થયેલા અનુભવો, ઉપદેશો, વાર્તાલાપો વગેરેનો સમાવેશ થાય છે. સ્વામી શિવાનંદ એંશી વર્ષ સુધી વિદ્યમાન હતા. ઈશ્વરને પામવા-ની તાલાવેલીને કારણે તેઓ તે વખતના બ્રહ્મોસમાજના સભ્ય બન્યા હતા. રાજા રામમોહનરાય સંસ્થાપિત આ સંસ્થામાં રાષ્ટ્ર-નેતા જેવું સન્માન ધરાવતા કેશવચંદ્રસેને તે સંસ્થાનું સુકાન સંભાળ્યું હતું. કૌટુંબિક આર્થિક પરિસ્થિતિને કારણે તારકને (ભાવિ શિવાનંદને) અભ્યાસ છોડીને નોકરી સ્વીકારવી પડી હતી. ઈશ્વરને જાણવાની વ્યાકુળતા તેમને રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં ખેંચી ગઇ. આધ્યાત્મિક જગતનો આ એક અફર નિયમ છે કે જીવ ઈશ્વરને ઓળખવા માટે આકુળવ્યાકુળ થાય તો ભાંભરતા વાછરડાંને માતા ગાય દોડી જાય તેમ અચૂક માર્ગદર્શક ગુરુ તેની સેવામાં હાજર થઇ જ જાય છે. વિષયલંપટ જીવો પણ આમાં અપવાદરૂપ નથી. ઠાકુર કહેતા કે આ વિશ્વ ઈશ્વરે જીવની ભોગ–યોગ–મોક્ષ આ ત્રિવિધ હેતુ માટે બનાવ્યું છે. સંસારભોગદ્વારા જ જીવ તેની સાર્થકતા કે નિરર્થકતાનો અનુભવ કરી શકે.

તારકની ઓફિસમાં કામ કરતા રામબાબુના પરિચીત તારકના એક મિત્રે તારકને જણાવ્યું હતું કે ઠાકુર રામબાનુને ત્યાં

આવવાના છે. તેને મળવાની આ ઉત્તમ તક તારકે ઝડપી લેવી જોઇએ. તારક રામબાબુને ઘેર પહોંચ્યો ને જોયું તો ઠાકુર ઓરડામાં ખીચોખીચ ભરેલા માણસોની વચ્ચે દિવ્યભાવમાં વિભોર થઇને બેઠા છે. મને આશ્ચર્ય થયું કે ઠાકુર હું જે 'સમાધિ' અવસ્થા વિષે જાણવા માગતો હતો તેની ઉપર બોલવા લાગ્યા હતા. નિર્વિકલ્પ સમાધિની અવસ્થા જીવને થતી નથી ને થાય તો એકવીશમે દિવસે તેનું શરીર સૂકાય ગયેલ પાનના જેમ ખરી પડે છે. આ પછી એક મહીને તારકનાથ દક્ષિણેશ્વર મંદિર ગયા ત્યારે રામકૃષ્ણ પાસે ઝાંખા દીવાના પ્રકાશમાં ત્રણ ચાર ભક્તો નીચે સાદડી ઉપર બેઠા હતા. તારકે આ વખતે મા પ્રત્યે બાળકને થાય તેવો ગાઢ અનુરાગ અનુભવ્યો, મનોમન તેમને આત્મસમર્પણ કરી પ્રાર્થના કરી કે હું તમારે શરણે આવ્યો છું. મારો સ્વીકાર કરો. એ પછીની બીજી કે ત્રીજી મુલાકાત વખતે ઠાકુરે દિવ્યભાવમાં તારકની છાતીને સ્પર્શ કર્યો કે તત્ક્ષણ તારક ગાઢ સમાધિમાં લીન થઇ ગયો. તેને અનુભવ થઇ ગયો કે પોતે દેહ નહી ચેતન–આત્મા છે, દેહ જાણે છે જ નહિ તેવી પ્રતીતિ તેમણે કરી. આમાં કેટલો લાંબો સમય તે રહ્યા તેનો ખ્યાલ જ ન રહ્યો. અજ્ઞાનના પડદા હટી ગયા અને બ્રહ્માંડના રહસ્યનું ઉદ્‌ઘાટન થઇ ગયું. તેમણે લખ્યું કે, "મારા સ્વરૂપનું જ્ઞાન થતાં, શરીરભાવ અદૃશ્ય થઇ ગયો, આત્મભાવ પ્રકાશિત થયો. અને ઠાકુરના પરમાત્મ-સ્વરૂપનું દર્શન થયું. માનવજાતના કલ્યાણ માટે તેમણે મનુષ્યનું સ્વરૂપ લીધું છે તેની સ્પષ્ટ પ્રતીતિ થઇ." પંચવટીના વટવૃક્ષ નીચે ઠાકુરે પુનઃ એકવાર તારકને આ અનુભવ કરાવ્યો હતો. છતાં તેમના કોઇ પણ શિષ્યને પ્રમાદ–આશ્રયી અલ્પ સમય માટે પણ રહેવા ન દેતા. પોતે સતત પરમાત્મભાવમાં લીન રહેતા. શિષ્યોને જપ, ધ્યાન, ઉપાસનામાં પ્રેર્યા જ કરતા. "અમારામાંના એકે એક



ઉપર તેમની કોમળ હૃદયની પણ કડક દેખરેખ હતી." એ વાત તારકનાથે આગળ જતાં તેમના શિષ્યોને કહી હતી. તેમના સાન્નિધ્યમાં આવનાર પ્રત્યેક જનને તેમને મળ્યા પછી પોતાનામાં નવો ઉત્સાહ, પ્રેરણા જ નહિ નૂતન આધ્યાત્મિક પ્રાણશક્તિના સંચારનો અનુભવ થતો. ઈશ્વરના સાન્નિધ્યમાં જ રહ્યાનો આનંદ મળતો. "તેઓ જગતભરમાં પ્રચંડ આધ્યાત્મિક શક્તિનો પ્રવાહ વહેતો કરવા આવ્યા છે તેવો ખ્યાલ અમારામાંથી કોઇને આવ્યો ન હતો."

"અમારો ખ્યાલ એવો હતો કે સંસારમાં માતૃપ્રેમ જેવો તેનો બીજો જોટો મળે નહિ. તે ખ્યાલ ઠાકુરને મળ્યા પછી દૂર થયો. તેઓ સાક્ષાત્ પ્રેમપ્રતિમા સમા હતા" અને "વીજળીના કરંટની જેમ તેમનો પ્રેમપ્રવાહ અમારા સમગ્ર અસ્તિત્વમાં રેલાઇ જતો" પોતાના ઘર હવે પારકાં હોય ને "દક્ષિણેશ્વરમાં ઠાકુરઘર જ જાણે અમારું સાચું ને ખરું ઘર લાગવા માંડયું." ઠાકુર પાસે, ખીલેલા પુષ્પો ઉપર મધમાખીઓ આવ્યા કરે તેમ, જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓ, બધા સંપ્રદાયોના અનુયાયીઓ, વિવિધ યોગપદ્ધતિનો આશ્રય લઇ સાધના કરતા જનો આવતા. આમાંથી તેઓ ભાગ્યે જ કોઇનો પરિચય પૂછતાં. માત્ર જે ભક્તો, શિષ્યો ને 'મા'એ તેમને ભાવમાં બતાવેલા તેઓ આવતા તો અચૂક તેમને બધી ઘર–બાર, નામ–ઠામ, માતા–પિતા–કુટુંબ વગેરેની ઝીણવટભરી પૂછપરછ કરતા. તારકનાથને તેમણે બધું પૂછી લીધું હતું, તેમના પિતાનું નામ રામકનાઇ ગોસાલ હતું. તે જાણી તેઓ બોલ્યા : અરે, એ તો રાણી રાસમણિના વકીલ. તેને તો હું બહુ સારી રીતે ઓળખું છું. એટલે જ તારી વિષે બધી કૌટુંબિક માહિતી પૂછવાનું મન થયું. જે અહીંને માટે અંકિત 'મા'એ કર્યા હોય તેમને માટે જ આવી

પૃચ્છા કરવાનું બને. બીજા બધા સામાન્ય જનો, તેમને કંઇ પૂછવાનું બને નહિ. રાણી (રાસમણિદેવી)ને તેના કુટુંબીજનોને તેમને માટે ઊંચો અભિપ્રાય. અહીં આવે ત્યારે તેને માટે બધી જાતની–નિવાસ, ભોજન, નોકર–ચાકરની સગવડોની પૂર્વતૈયારી કરવામાં આવે. તેઓ ઊંચી કોટિના સાધક પણ ખરા.

૧૮૫૦ ના અરસામાં તેમને મંદિરમાં પ્રસંગોપાત આવવાનું થતું. તેઓ પહેલાં ગંગાસ્નાન કરતા. રેશમી પીતાંબર પહેરતા. તે પછી જ 'મા'ના મંદિરમાં પ્રવેશે ત્યારે 'મા'ના ભૈરવ જેવા લાગતા. ઉન્નત શરીર ખડતલ બાંધો; ગૌર વર્ણ. છાતી લાલચોળ. લાંબો સમય મંદિરમાં માનું ધ્યાન ધરે. સાથે એક ગાયક. તે એમની પાછળ બેસે ને માનાં ભજન–સ્તવન–સ્તોત્ર બોલે. જેમાં શરીરના ષટ્ચક્રો ભેદનનું વર્ણન હોય. ધ્યાનબદ્ધ સ્થિતિમાં તારા પિતાની આંખમાંથી આંસુની ધાર વહેતી. તેના ગાલ ઉપરથી વહી તે સરી જતી. ધ્યાન કર્યા પછી તે મંદિરમાંથી અતિથિઘરમાં જાય ત્યારે તેની ભાવવિભોર અવસ્થામાં કોઇની તેની પાસે જવાની હિંમત થતી નહીં. મુખમંડળ ઉપર 'મા'ની જ્યોતિ ચમકતી. તે વખતે મારી સાધનાકાળમાં આખા શરીરમાં જલન થતી. મેં તેમને પૂછ્યું: થોડું 'મા'નું ધ્યાન ધરું ત્યાં મારી આવી દશા કેમ થાય છે? શરીર દાઝી જાય. કોઇ કોઇ કેશના મૂળીયાં બળી જાય. તેમણે સલાહ આપી હતી કે, 'મા'ના નામનું અભિમંત્રિત માદળીયું પહેરવું. સાચે જ તેમની સલાહ મુજબ માદળીયું પહેર્યા પછી મારી જલન દૂર થઇ ગઇ હતી! તેમને કોઇ વાર અહીં આવવાનું કહેજે તો!

તારકે ઘેર જઇ તેના પિતાને વાત કરી. તેઓ ખૂબ ખુશ થયા



ને એક વખત ઠાકુરનાં દર્શન કરવા આવેલા. બીજી એક વખતે ઠાકુરે તારકને કહ્યું : તારા પિતાજીની માની ભક્તિ સકામ હતી. એટલે તેમણે વિપુલ ધન–વૈભવ વગેરે મેળવ્યાં ને દાન–દક્ષિણા-માં તેનો મોટો ભાગ વાપર્યો. તારક ઠાકુર પાસે પહેલાં પહેલાં આવતા ત્યારે હૃદય ગદ્ગદ્ થઇ જતું ને તેને રડવું આવી જતું, "એક વાર બકુલ વૃક્ષ નીચે બેસી હું ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો હતો ત્યારે તેઓ મારી સામે આવીને ઊભા રહ્યા. મારી સામે કૃપાદૃષ્ટિ કરી કે મારી કુંડલિની શક્તિનું જાગરણ થયું ને હું આનંદમગ્ન બની ગયો. તેમની પાછળ પાછળ હું તેમના ખંડમાં પાછો ફર્યો. તેમણે મને 'મા'નો પ્રસાદ આપ્યો. ઠાકુર દૃષ્ટિપાત માત્રથી તેમના કૃપાપાત્ર સાધકોની કુંડલિની શક્તિ જાગ્રત કરી શકતા હતા. તેમણે કહ્યું, "ભક્ત જ્યારે ભગવાન સમીપે રડે છે ત્યારે એ તેની ઉપર પ્રસન્ન થાય છે. તેને ઇચ્છાનુસાર જ્ઞાન–ભક્તિ–ભુક્તિ–મુક્તિ–શુદ્ધ બુદ્ધિ પ્રદાન કરે છે. જન્મજન્માંતરથી ઉપાદનમાં સંગૃહિત થયેલા બધા સકામ સંસ્કારો બળી જાય છે. ભગવદ્-પ્રેમને લઇને વહેતાં આંસુઓમાં બધાં પાપ ધોવાય જાય છે. ઈશ્વર-ખાતર રડવું આવે તે ય સમાધિનો એક પ્રકારનો આનંદ જ છે."

(ક્રમશઃ)

# પ્રશ્નોત્તરી

યોગેશ્વર

## આત્માનો અનુભવ

**પ્રશ્ન :** આત્મા છે તો પછી દેખાતો કેમ નથી?

**ઉત્તર :** હવામાં સેંકડો જંતુ છે. પણ તે તમને દેખાય છે? પણ જો સૂક્ષ્મદર્શક યંત્રથી જુઓ તો દેખાય એમ વિજ્ઞાનશાસ્ત્રીનું કહેવું છે. કેમ કે આ જંતુ ઘણા સૂક્ષ્મ છે. તેવી જ રીતે આત્મા અત્યંત સૂક્ષ્મ છે. તેને જોવા માટે વૃત્તિની સૂક્ષ્મતાની જરૂર છે. યોગી કે જ્ઞાની કહે છે કે આવી સૂક્ષ્મવૃત્તિ સમાધિ દરમ્યાન થઇ શકે છે. જેનું હૃદય ખૂબ શુદ્ધ થઇ ગયું હોય તેને જ સમાધિ થઇ શકે છે. ને તેવા જ પુરુષો સમાધિ દશામાં પરમાત્મતત્ત્વને જોઇ શકે છે. શંકરાચાર્ય વિવેકચૂડામણી નામના ગ્રંથમાં આ જ વાત કહે છે. ને ગીતા પણ કહે છે કે મૂઢ માણસો આ આત્માને જોઇ શકતા નથી. પણ જેમના જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં હોય તે જ માણસો પ્રયત્ન કરતાં કરતાં શરીરની અંદર રહેલા આત્માને જોઇ શકે છે.

"ઉત્ક્રમંતં સ્થિતં વાપિ ભુંગના વા ગુણાન્વિતમ્,<br>
વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ॥<br>
યતન્તો યોગિનિશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્॥"

**એક જિજ્ઞાસુ :** માનવ, દેવ ને પરમેશ્વર પણ શું છે તે કહેવા કૃપા કરશો?

**ઉત્તર :** આ વસ્તુ વિષે એક જુદી જ દૃષ્ટિથી આપણે વિચારીએ છીએ. આ દુનિયામાં જેટલાં માણસો છે તેમાંથી માણસ



કહી શકાય તેટલાં બહુ જ ઓછાં છે : એટલે કે માણસાઇના ગુણ તેમનામાં ભાગ્યે જ દેખાય છે. જેનામાં માણસાઇ નથી, તે બહારના રૂપરંગથી કાંઇ માણસ કહી શકાય નહીં. જ્યારે માણસમાં પશુના કરતાં કાંઇ વિશેષતા નથી રહેતી, ત્યારે તેને માનવપશુ કહેવો જોઇએ. તમે વિચાર કરશો તો જણાશે કે ખાવું, પીવું, ઊંઘવું, ભય તેમ જ મૈથુન એટલે ભોગની લાગણીઓથી પરવશ બનવું—આ બધું માનવ તેમ જ પશુઓમાં સરખું છે. માણસમાં જ્યારે આના કરતાં કોઇ વિશેષ વિકાસ મળે ત્યારે જ તે પશુ કરતાં આગળ વધ્યો ગણાય છે. આજે વધારે ભાગના માણસોમાં આ જ પ્રવૃત્તિઓનું પ્રાધાન્ય છે, એટલે ગમે તે રીતે આજીવિકા મેળવવી, સ્ત્રી ને ભોગ્યપદાર્થોની લિપ્સામાં રત રહેવું, એ માણસમાં દેખાય છે. ઉપરાંત માણસને ભય પણ ઘણો છે, પછી તે ભય ગમે તે પ્રકારનો હોય.

આ દશા છેક નીચેની દશા છે. આથી આગળ વધીને માણસે માનવતા જગાડી માનવ બનવાનું છે. માનવતાનાં લક્ષણો કયા? સત્ય, દયા, સેવા, ક્ષમા, ન્યાય, પવિત્રતા, પ્રેમ, દાન, જ્ઞાન આ બધાં માનવતાનાં લક્ષણો છે. આ સદ્‌ગુણોને જીવનમાં ઉતારવાથી જ માણસ સાચા અર્થમાં માનવ બની શકે છે. તેનાંથી ઊલટા અવગુણોવાળો માણસ માણસાઇથી રહિત હોઇ રાક્ષસ કે પશુતુલ્ય જ છે.

આ ઉપરાંત માનવને બુદ્ધિ મળી છે. પોતાની વિવેકશક્તિદ્વારા સારાસારનો વિચાર કરીને માણસે સત્ય ને અસત્ય, ભલું ને બૂરું તેમ જ ધર્મ ને અધર્મનો ભેદ શોધવાનો છે. સંસારના બધા જ પદાર્થ વિનાશી છે તો પછી અવિનાશી શું છે? વિવેકદ્વારા માણસ સમજે છે કે શરીરની અંદર રહેલું ચેતન શરીર પડયા છતાં

કાયમ રહે છે, ને 'હું કહીને સંબોધાતી વસ્તુ તે ચેતન જ છે, નહિ કે કેવળ સ્થૂળશરીર. આ ચેતનતત્ત્વ કે આત્માને મેળવવા માનવનું દિલ તલસે છે. જ્ઞાની તેને શરીરની અંદર જોઇ શકે છે, ને પ્રેમી કે ભક્ત શરીરની બહાર તે ઈશ્વરીતત્ત્વનો પરમેશ્વરરૂપે સાક્ષાત્કાર કરે છે. આટલું થાય એટલે માણસ દેવ બની જાય છે : એટલે કે આ જ શરીરમાં રહીને દેવતાતુલ્ય મહાન ને વંદનીય બની જાય છે.

આવો પુરુષ ઈશ્વરતુલ્ય બની જાય છે. એટલે કે ઈશ્વરની જેમ તે પણ સર્વસમર્થ, સર્વજ્ઞ ને સર્વવ્યાપક બની જાય છે. પોતાના આત્માને તે જગતમાં સર્વત્ર જુએ છે. માનવમાંથી આ રીતે પરમેશ્વર બની માણસ સંપૂર્ણ રીતે મુક્ત ને પૂર્ણ બને છે.

માનવજીવનમાં આટલી બધી શક્યતા રહેલી છે. માટે શરૂઆતમાં સાચા માનવ બની આત્મોન્નતિને પંથે માણસે વળવું જોઇએ. કેવળ પશુ કે રાક્ષસ થઇને જીવવું ના જોઇએ.

**પ્રશ્ન** : 'જગદ્‌ગુરુ' વિશે કાંઇક કહેશો?

**ઉત્તર** : અત્યારે તો ગમે તેવા સાધુસંન્યાસી પોતાની ડીગ્રી તરીકે પોતાના નામની આગળ જગદ્‌ગુરુ શબ્દ મૂકી દે છે, ને પોતાને જગદ્‌ગુરુ તરીકે ઓળખાવે છે. આ એક અનિષ્ટ જ છે, ને સાધુસંતોને જરાય શોભા આપનારું નથી. શ્રી આદ્યશંકરાચાર્યને જગદ્‌ગુરુ કહેવામાં આવે છે. પણ તેમાં કારણ રહેલું છે. તેમના અમૂલ્ય તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો પૂર્વ ને પશ્ચિમની જનતાના દિલમાં ઘર કરી ગયા છે. આ રીતે વિચાર કે જ્ઞાનની દુનિયામાં તે ગુરુપદે વિરાજેલા છે એવી રીતે બુદ્ધ, ઈશુ, કૃષ્ણ, રામ ને મહમ્મદ કે જરથુસ્ત અને પ્લેટો કે સોક્રેટિસ જેવાના જીવનોપદેશ



દુનિયાના લોકોને ભેદભાવની દીવાલોને તોડી નાંખીને પ્રેરણા આપે છે. તેથી તેમને પણ જગદ્‌ગુરુ કહી શકાય. જગદ્‌ગુરુ શબ્દ આપણે ત્યાં આધ્યાત્મિક અર્થમાં જ વપરાયો છે એ ધ્યાનમાં રાખવાનું છે, માટે આધ્યાત્મિક વિભૂતિઓને માટે જ તેનો ઉપયોગ થઇ શકે છે, આ વિભૂતિઓએ પોતાને માટે જગદ્‌ગુરુપદનો દાવો કર્યો નથી, પણ લોકોએ તેમની યોગ્યતા જોઇને તેમને જગદ્‌ગુરુ કહ્યા છે. રામકૃષ્ણદેવ, વિવેકાનંદ ને રામતીર્થ, ગાંધીજી જેવા મહાન સંત–ઉપદેશકો સંબંધી પણ આવું છે. જ્યારે અત્યારે તો કેટલાક સંતસાધુઓ પોતાની મેળે જ પોતાને જગદ્‌ગુરુ કહેવડાવે છે. જગદ્‌ગુરુ તરીકે જગતને શું સમગ્ર દેશને પણ તે કાંઇ પ્રેરણા કે સંદેશ દઇ શકતા નથી. આ એક વ્યામોહ જ છે. કોઇ પોતાને મહાત્મા કે જગદ્‌ગુરુ માને તેથી તે તેવો થઇ શકતો નથી. તેની અનિચ્છા હોવા છતાં બીજા જ તેના ગુણ જોઇ તેને મહાનતા આપવાની ચેષ્ટા કરે છે. સાચા મહાત્માએ ડીગ્રીનો મોહ છોડીને યોગ્યતા સંપાદન કરવાના મોહમાં પડવાની જરૂર છે. તેથી જગદ્‌ગુરુ તો શું ત્રિભુવનગુરુ થવાનું બળ આવશે. આ માટે સૌથી પહેલાં પોતાના–શરીરને મનરૂપી જગતના ગુરુ થવાની જરૂર છે.

### માળા પહેરવી કે કેમ?

**પ્રશ્ન** : રુદ્રાક્ષની માળા બનાવીને કંઠમાં પહેરવી હોય તો સોનાની અંદર બનાવવી કે તાંબામાં?

**ઉત્તર** : દોરામાં બનાવવી સૌથી ઉત્તમ છે છતાં પણ શ્રીમંતાઇને લીધે દોરો ના ગમતો હોય તો સોનામાં કે તાંબામાં બનાવી શકાય છે. પણ એ એટલું મહત્ત્વનું નથી. મહત્ત્વની વાત

તો એ છે કે તમારા મન ને હૃદયના તારેતારમાં પ્રભુના નામની માળા પરોવાઇ જવી જોઇએ. તમારા શ્વાસોશ્વાસમાં પ્રભુના નામ-ની માળા ફરવી જોઇએ ને પ્રભુની શરણાગતિ ને તેના નામનો આનંદ તમારા જીવનમાં ફરી વળવો જોઇએ. સૌથી વધુ ધ્યાન આ વસ્તુ સાધ્ય કરવા તરફ આપવું જોઇએ, જીવનની સફળતા તેથી જ થાય છે.

**પ્રશ્ન :** પણ માળા પહેરવી હોય તો વાંધો છે? તે કેવી રીતે પહેરવી?

**ઉત્તર :** માળા પહેરવામાં વાંધો કાંઇ જ નથી. માણસો નકામા ઘરેણાં પહેરે છે, તેના કરતાં તો માળા સૌથી મોટું ઘરેણું છે. તે શરીરનો શણગાર છે. કેમ કે પ્રભુના સ્મરણનું તે પ્રતીક છે. પણ તે એવી રીતે પહેરવી જોઇએ કે પ્રભુવિના તેને કોઇ દેખે નહીં. મારા કહેવાનો આશય તમે સમજ્યા હશો. અત્યારે ઘણા લોકો પોતાને ભક્ત બનાવવા માળા રાખે છે કે લોકો જુએ તેમ કપડાં પર પહેરે છે, ને કામ કાળાં કરે છે. આ ઠીક નથી. માળા કપડાંની છેક અંદર રાખવી જોઇએ. ન છૂટકે તેનું પ્રદર્શન થાય તે વાત જુદી છે, પરંતુ લોકોની વાહવાહ મેળવવા તેનો ઉપયોગ થવો જોઇએ નહીં. તમે પ્રભુને યાદ કરો છો, પ્રભુના ભક્ત છો, તે જ્યાં ત્યાં જાહેર કરવાની જરૂર નથી. ભક્તિ ખૂબ પવિત્ર વસ્તુ છે, ને તેથી તે ગુપ્તપણે થવી જોઇએ. નહિ તો તેમાં રાજસી ને છેવટે તામસીપણું આવવાનો સંભવ ખૂબ રહે છે.

**સંતો તથા વર્તમાનપત્રો**

**પ્રશ્ન :** સંત કે મહાત્મા અથવા આધ્યાત્મિક માર્ગના પ્રવાસી-એ વર્તમાનપત્રો વાંચવા કે નહીં? ઘણા મહાત્માઓ તેમ કરવાની



ના કહે છે. તે વિશે આપ શું કહો છો?

**ઉત્તર :** હું તો એટલું જ કહું છું કે જો વાંચવાની ઇચ્છા થાય તો વાંચવા. તેનો કોઇ દોષ નથી. વર્તમાનપત્ર વાંચવામાં ચોરી, જુગાર કે વ્યભિચાર જેવું અનિષ્ટ રહ્યું નથી કે તેનો ઇન્કાર કરી શકાય. વર્તમાનપત્રોમાં દેશ, દુનિયા ને સમાજના બનાવોની માહિતી મળે છે, તેમ જ બીજી પણ જાણવા જેવી માહિતી હોય છે તે માહિતીથી પરિચિત રહેવું સારું છે. આપણે આધ્યાત્મિકતાને પાંગળી કે એકાંગી કરવી નથી. તેમ જ તેને જીવનમાં બીજા અંગોથી દૂર લઇ જઇ 'આભડછેટ' પોષનારી બનાવવી નથી. આધ્યાત્મિકતા એટલે જીવનથી દૂર જવાનો માર્ગ નથી, પરંતુ જીવનની વાસ્તવિકતા ને વિવિધતાને સ્વીકારી તેની વચ્ચે નિર્લેપ રહેવાની સાધના છે. આજની સ્થિતિમાં તમારે લોકોની સેવા કરવાની પણ જરૂર છે. ને તે માટે લોકોનાં સુખ-દુઃખ, સમાજ ને દેશની સમસ્યાઓ ને દુનિયાના પ્રશ્નોથી પરિચિત રહેવાનું છે તો જ તમે લોકોની નાડ પારખી સાચી ઔષધિ આપી શકો. જે એકાંતવાસી છે, કેવળ આત્મનિષ્ઠ મહાત્મા છે, તે દુનિયાના પ્રશ્નોથી માહિતગાર ન રહે તો ભલે, જો કે રહે તો સારું છે, પરંતુ આવી લોકહિત કરનારી વસ્તુનો તેને અણગમો કે તિરસ્કાર તો ન જ હોવો જોઇએ.

વર્તમાનપત્રો વાંચવાથી ચંચલતા થાય છે એવું કોઇ કોઇ સાધુપુરુષોનું કહેવું છે. પણ તે દલીલ પણ ઠીક નથી. વર્તમાન-પત્રમાં ચંચલતા થાય એવું વધારે ભાગે કાંઇ જ નથી હોતું, જેવું કે સીનેમા નાટકોમાં હોય છે. ને તે છતાં ચંચલતા થાય તેવું લાગે તો તેમાં દોષ કોનો, વર્તમાનપત્રોનો? મહાત્માઓનો? નાનીસરખી

વાતથી ચંચલતા થાય તેને મહાત્મા જેવું મોટું નામ આપી જ કેમ શકાય? તેને તો ચંચલાત્મા કહેવો જોઇએ. ને સાધારણ સાધકે પણ એવી માની લીધેલી ખોટી ચંચલતામાંથી મુક્ત થવાનું બળ મેળવવું જ જોઇએ કેમ કે તેનો અંતિમ આદર્શ તો ગીતાના શબ્દોમાં જુદો જ છે. ગીતા કહે છે કે 'જેવી રીતે ભરપૂર સમુદ્રમાં જુદા જુદા ઝરણાં ને નદીનાળાં મળે છે, છતાં સમુદ્ર પોતાની મર્યાદા તોડતો નથી, તેવી રીતે સ્થિતપ્રજ્ઞ મહાત્મા જુદા જુદા પ્રસંગ કે કામનાથી ચલાયમાન કે ચંચલ ચિત્તનો થતો નથી. એટલે શરૂઆતમાં સલામતી તરીકે સાધક વર્તમાનપત્રથી દૂર રહે તે ભલે, પણ હંમેશને માટે તેનું સમર્થન કરવું ને તેને જ પ્રોત્સાહન આપવું ઠીક નથી. આધ્યાત્મિક પુરુષોએ દેશ ને દુનિયાથી પોતાનો સંબંધ કાપી નાંખવાનો નથી પણ દેશને–દુનિયાને કામ આવવાનું છે. તેવી રીતે આધ્યાત્મિક પુરુષો કામ કરશે ત્યારે જ દુનિયા આધ્યાત્મિકતાને સન્માનનીય ને જરૂરી માનશે.

**પ્રશ્ન :** પાકનો નાશ કરનારાં તીડ, ઉંદર, વાંદરા વિગેરેને મારવાં કે નહીં? માત્ર કરડવા આવે તો તેને મારવા, કરડવા દેવા?

**ઉત્તર :** બંને પ્રશ્નો એકી સાથે જ લઉં છું. ત્રણ વસ્તુનો વિચાર કરવાનો છે. એમાં બે શક્યતાઓ ને છેલ્લે ત્રીજો નિર્ણય છે. તીડ ને વાંદરાથી પાકને જે નુકસાન થાય છે તે સહન કરવા તૈયાર છો? અથવા તો સાપ કરડે તેથી જે પરિણામ નીપજે તે ભોગવવા તૈયાર છો? અથવા તો તે બધાનું હૃદયપરિવર્તન કરી તેમની હિંસકવૃત્તિને પરાજીત કરવાની શક્તિ છે? આમાંથી કોઇ પણ વસ્તુની હા હોય તો તેમને મારવાની જરૂર નથી. પણ જો ના હોય તો તમારે તેમની હિંસા કરવી જ રહી, તે એક ફરજ



બને છે. અલબત્ત, તેવી હિંસા રક્ષા માટે જ છે એ ભૂલવાનું નથી. અને હિંસાવિના તમે તેમનાથી છૂટકારો મેળવી શકતા હો તો મેળવવા પ્રયાસ કરવાનો છે. બાકી તમારી હિંસા–અહિંસાની ફિલસુફી જીવનની શક્તિ ને વાસ્તવિકતા પર રચાયેલી હોવી જોઇએ. જે ફિલસુફી રક્ષા માટે યુદ્ધની ફરજ સ્વીકારે છે, તે ફિલસુફી રક્ષા માટે હિંસાનો સિદ્ધાંત પણ સ્વીકારી જ ચૂકી છે. ને દુનિયા જ્યાં લગી સ્થિતપ્રજ્ઞદશા કે મહાત્માપદે પહોંચી નથી ત્યાં લગી તે સિદ્ધાંત કાયમ જ રહેવાનો છે.

જેમ જેમ મન ઉપર ઇન્દ્રિયો, વિચારો, ભાવો, સંકલ્પ-વિકલ્પ તેમ જ તર્કવિતર્કો ઉપર કાબૂ કરવાનો પ્રયત્ન કરતા રહેશો, તેમ તેમ તમારી ખોવાયેલી શાન્તિ તમને પાછી પ્રાપ્ત થતી અનુભવી શકશો.

યોગેશ્વર

ઓ. : ૨૨૩૫૯૮
૨૩૪૦૧૬
ફે. : ૩૬૨૪૩૭
ઘ. : ૪૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# શ્રી ઇંદિરાદેવી

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

**ઇંદિરાને મુંબઇમાં શ્રી અરવિંદના મહાનિર્વાણનાં દર્શન થયેલાં**

શ્રી અરવિંદ પાંચમી ડીસેમ્બર, ૧૯૫૦ ના રોજ વહેલી સવારે એક વાગ્યે મહાનિર્વાણ પામ્યા. તે વખતે હું શ્રી દિલીપકુમાર રોય વારાણસી હતો. મેં તે જ દિવસે દશ વાગ્યે રેડિયો પર એ સમાચાર સાંભળ્યાં. બપોરે મને તા. ૪ ડીસેમ્બર, ૧૯૫૦ ની રાત્રે ૯–૫૫ વાગ્યે કરેલો તાર મળ્યો. તારના શબ્દો હતા 'કાલે રાતે (તા. ક. ડીસેમ્બર, ૧૯૫૦ ની રાતે) ગુરુદેવ વિશે મને ભયાનક દૃશ્ય દેખાયું. સાવખળભળી ઊઠી છું. આશીર્વાદનો તાર કરો!'

તે મુંબઇથી પોંડિચેરી જવા નીકળી, હું (શ્રી રોય) વારાણસીથી નીકળ્યો. ઇંદિરા તા. ૬–૧૨–૫૦ ની રાતે અને હું તા. ૭–૧૨–૫૦ ની સાંજે પોંડિચેરી આશ્રમમાં પહોંચ્યા. તેણે એક નોંધપોથી રાખી હતી, તેમાંથી હું કેટલાક ઉતારા અહીં આપું છું.

મુંબઇ ૨, ડીસેમ્બર–'૫૦ મને શરીરમાં ભયાનક દર્દ થયું હતું, અને જ્યારેપણ ધ્યાનમાં બેસું ત્યારે ગુરુદેવ શ્રી અરવિંદ પથારીવશ દેખાય. વાતાવરણમાં હિમ જેવી ઠંડી હતી. ચોગમ મૃત્યુ ભમતું હતું. મારી પીડાનો પાર નહોતો!

મુંબઇ, ચોથી ડિસેમ્બર–'૫૦ લગભગ મધરાતે મેં ફરી પાછાં ગુરુદેવનાં દર્શન કર્યાં. પોંડિચેરીના એમના કમરામાં તેઓ એમની પથારીમાં સૂતેલા હતા. અચાનક મેં એમના શરીરને ઊંચે ચડતું



જોયું. હું તરત સમજી ગઇ કે તેઓ એમના શરીરનો ત્યાગ કરી રહ્યાં છે.

* * *

**પૂર્ણે બેઠાં ઇંદિરાએ ગ્વાલિયરમાં થતી વાતચીતની નોંધ કરી!**

નવમી ઓગસ્ટ, ૧૯૫૧ ના રોજ ટપાલમાં મારા પર એક મોટું પરબીડિયું આવ્યું. ઇંદિરાએ તે મને આપતા કહ્યું કે, "હમણાં એ ઊઘાડતા નહિ! સરનામા પરથી લાગે છે કે શ્રી લાલનો કાગળ છે." આ લાલ એટલે શ્રી દીવાન સુરિન્દર લાલ. તેઓ અમારા સ્નેહી છે. સને ૧૯૪૯ માં અમે શિવપુરી, ગ્વાલિયરમાં એમને ત્યાં રહ્યાં હતાં.

પછી ઇંદિરાએ પોતાની નોંધપોથી કાઢી. તેમાં તેણે બીજી ઓગસ્ટ ૧૯૫૧ ના રોજ કરેલી નોંધ મને બતાવી. 'લાલ દેખાયા! એ દાદાને (શ્રીદિલીપકુમાર રોયને) કાગળ લખતા હતા. ત્યાં લાલના માતાએ એમને કહ્યું કે મેં દાદા માટે આ નાની શી માળા ગૂંથી છે તે તારા કાગળ ભેગી એમને મોકલ!'

હવે મેં પરબીડિયું તોડયું, તો મારી નવાઇનો પાર ન રહ્યો. તેની અંદર બકુલ ફૂલની ગૂંથેલી નાનકડી સુંદર માળા હતી. કાગળ પર બીજી ઓગસ્ટ ૧૯૫૧. એવી તારીખે લખેલી હતી, અને કાગળ પૂરો કરતાં છેલ્લે લાલે એમાં લખ્યું હતું, 'આ સાથે મારી માતાએ આપેલી માળા મોકલું છું. એમનાં સાદર પ્રણામ સ્વીકારશો.'

આ માળા મેં સ્મૃતિ તરીકે સાચવી રાખી છે.

* * *

**અમેરિકામાં લખાતો પત્ર ભારતમાં રહીને વાંચ્યો!**

૨૧ મી સપ્ટેમ્બર, ૧૯૫૧. ઇંદિરાએ એક દૃશ્ય જોયું, જેની એણે એ જ દિવસે પોતાની નોંધપોથીમાં નોંધ કરી.

'દાદાને અમેરિકાથી આવેલો કાગળ વાંચતા જોયા, ઘણું કરી એ ડો. ફ્રેડરિક સ્પીલબર્ગનો લખેલો છે. કાગળ પર ૨૧ મી સપ્ટેમ્બરની તારીખ છે. કાગળમાં લખ્યું છે કે, 'શ્રી અરવિંદ કેઇમ ટુ મી' એ ગ્રંથ અમેરિકામાં પ્રસિદ્ધ કરવા માટે કોશિષ કરવાની હું સલાહ આપતો નથી. કારણ, અમેરિકન પ્રકાશકો ઉત્સાહ ચડાવે એવા નથી!' વળી કાગળમાં 'તમે ને ઇંદિરા અહીં હો તો રંગ રહી જાય!' એવું કંઇક લખેલું હતું!

૨૯ મી સપ્ટેમ્બરે મારા મિત્ર ડો. સ્પીલબર્ગનો કાગળ મને મળ્યો, તેમણે તે ૨૧ મી સપ્ટેમ્બર ૧૯૫૧ ના રોજ (શ્રી ઇંદિરા-એ નોંધ કરેલ તારીખે) સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાંથી લખેલો હતો.

**પ્રિય દિલીપ,**

"તમારો પત્ર બે પ્રશ્નો ખડા કરે છે. એક તો તમારા અહીં આવવા વિશે, અને બીજું તમારું પુસ્તક પ્રસિદ્ધ કરવા વિશે. મારે કહેવું જોઇએ કે, 'મધર ઇંડિયા'માં હપતે હપતે છપાયેલું તમારું એ પુસ્તક મેં મુગ્ધ બની વાંચ્યું છે; અને એથી તમે અહીં આવવાની આનાકાની કરો છો એ જોઇ મારું મન ઉદાસ થઇ જાય છે. હું જરૂર આશા રાખું છું કે અમારા કામમાં તમારી મદદની અમને કેટલી જરૂર છે એ તમે સમજશો અને જલદી અહીં આવવાનો નિર્ણય કરી, આવતી સાલ ચોક્કસ અમને આવી મળશો! અમારા ઇંડિયા આર્ટ ફેસ્ટિવલમાં તમારી હાજરી ન હોય તો આ આખોયે કાર્યક્રમ એનું મહત્ત્વ ગુમાવી બેસશે અને માલ



વગરનો બની જશે! તમે અને ઇંદિરા અહીં હો તો 'રંગ રહી જાય! તમારા પુસ્તક વિષે, મારી તો એ સલાહ છે કે તમે તે ભારતમાં જ પ્રસિદ્ધ કરો, ત્યાં જરૂર એને વિશાળ અને ઉત્સાહી વાચકવર્ગ મળી રહેશે. આજકાલ અમેરિકામાં પુસ્તક પ્રસિદ્ધ કરવામાં કંઇ મજા નથી.

* * *

**બંધ પરબીડિયામાંથી પવિત્રતાની સુગંધ**

જુલાઇ ૧૯૫૧ માં કંઇક મજાનું બની ગયું. ઇંદિરાએ આશ્રમ- માંથી એક લાંબુ પરબીડિયું લાવી મારા હાથમાં મૂકતા કહ્યું, 'આમાં કંઇક અતિ પવિત્ર ચીજ છે, શું છે એ હું કહી શકતી નથી; પણ એમાંથી પવિત્રતાની સુગંધ આવે છે.'

મેં પરબીડિયું ખોલ્યું તો એમાંથી ઇંદિરાનો પોતાનો જ ફોટોગ્રાફ નીકળ્યો! મારા એક પંજાબી મિત્ર આર કપુરે મને એ મોકલ્યો હતો, હું હસી પડયો, અને ઇંદિરા મને કરગરવા લાગી કે આ વિશે કોઇને કંઇ કહેતા નહિ! પરંતુ એના દાદાને ઓળખવામાં એણે ભૂલ કરી હતી. હસવું જેને ગમે છે તેવો હું આવા મજાના અનુભવની વાત મનમાં ને મનમાં ભંડારી રાખવાનું કદી કબૂલ કરી શકું ખરો?

(શ્રી ઇંદિરાદેવીનાં જીવનનાં પ્રસંગો જોતાં એમ લાગે કે કેટલા જન્મોનાં આધ્યાત્મિક સંસ્કારો લઇ એ જીવ ફરી આ અવનિપર અવતરણ પામ્યો હશે! એક જ જન્મમાં આવું બનવું અશક્ય છે.)

# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એ રાતે પણ મંદોદરીએ એને સમજાવી જોયો, પરંતુ એ ન માન્યો. એણે ક્રોધે ભરાઇને કહ્યું : 'આજે સીતા નહિ માને તો એનું મસ્તક ઊડાવી દઇશ. પછી રામ યુદ્ધ કર્યાવિના જ પાછા ફરશે.'

મંદોદરીએ પૂછ્યું : 'તમે સીતાના મસ્તકને ઊડાવી દેશો તો રામ તમને જીવતા રહેવા દેશે ખરા? નિર્દોષ સીતાને શા માટે વધારે હેરાન કરી રહ્યા છો?'

પરંતુ રાવણને મંદોદરીના પ્રશ્નની જરા પણ નહોતી પડી. એ તો કૃતસંકલ્પ હતો. અશોકવાટિકામાં સીતા પાસે જવા માટે એ ચાલી નીકળ્યો. એની પાછળ જવાને મંદોદરીએ પણ નિર્ણય કર્યો.

અશોકવાટિકામાં સીતા ચોતરા પર વૃક્ષને અઢેલીને બેઠી હતી. એનું મુખ મ્લાન હતું. સૂકા વાળ શિર પર જેમતેમ બાંધી રાખેલા. શરીર પર સફેદ વસ્ત્ર વીંટાળેલું. એનું મન રામના ચિંતન–મનનમાં હૃદયથી મગ્ન હતું.

રાવણે એને પૂછ્યું : 'હજુ પણ તારું મન માન્યું કે નહિ? તારું પરિવર્તન થયું?'

'મારું હૃદય જેવું છે તેવું જ છે.' સીતાએ નજર નીચી ઢાળીને કહ્યું : 'મારું મન રામ મળશે ત્યારે જ માની શકશે. તે વિના નહિ માને.'



'રામ તો તને મળશે જ નહિ.'

'એ તો તું કહે છે ને? મારું હૃદય નથી કહેતું. મારું હૃદય તો કહે છે કે રામ મને જરૂર મળશે.'

'એનો અર્થ એવો થયો કે, તારા વિચારોમાં કોઇ જાતનું પરિવર્તન નથી થયું?'

'હા. એવો જ થયો, અને એવો પણ થયો કે, એમાં કોઇ પ્રકારનું પરિવર્તન થવાનું પણ નથી. તું મારા પરિવર્તનની આશા રાખતો હોય તો એ આશા નકામી છે.'

'સીતા, તું હાથે કરીને શા માટે મૃત્યુના મુખમાં પડે છે?'

'હું મૃત્યુથી નથી ડરતી. મૃત્યુ આવવાનું જ હોય તો ભલે આવે, પરંતુ એના ભયથી મારાથી મારી મરજી વિરુદ્ધનું ખોટું કામ કરવા તૈયાર નહિ થઇ શકાય.'

રાવણ રોષે ભરાઇને બોલ્યો : 'મારી તલવાર જોઇ છે? હમણાં જ તે તારા મસ્તક પર ફરી વળશે.'

સીતા સહેજ પણ ગભરાયા સિવાય શાંતિથી બોલી : 'એ તલવાર મેં એકવાર નહિ, અનેકવાર જોઇ છે. એ મને નહિ ડરાવી શકે. મારું મસ્તક તો સલામત રહેશે, પરંતુ રામના તીક્ષ્ણ બાણના પ્રહારથી તારું મસ્તક જરૂર તૂટી પડશે.'

'હું તને મારી નાંખીશ પછી રામની શી દશા થશે તેની જરા કલ્પના તો કરી જો!'

'એની કલ્પના શા માટે કરું? તું મને મારી શકે તેમ જ નથી. મને એનો જરા પણ ભય નથી લાગતો. કોઇ સંજોગોમાં તું

મને મારી નાંખીશ તોપણ રામ અને લક્ષ્મણ તને જીવતો નહિ રહેવા દે. મને માર્યા પછી તારી દશા કેવી થશે તેની કલ્પના કરી જો.'

'મને મારી શકે એવું છે જ કોણ?'

'રામનો જન્મ એટલા માટે જ થયો લાગે છે—તારા મદને ઉતારવા. એ તારા કાળ થઈને આવી પહોંચ્યા છે, પરંતુ તું મોહાંધ હોવાથી જોઇ નથી શકતો ને વિવેકભ્રષ્ટ હોવાથી વિચારી નથી શકતો.'

'એમ? તો પછી તારા મસ્તકને હમણાં જ અલગ કરું.' એમ કહીને રાવણે સીતાને મારવા માટે તલવાર બહાર કાઢી, પરંતુ એ જ વખતે મંદોદરી તથા ત્રિજટા વચ્ચે પડી.

મંદોદરીએ રાવણનો હાથ પકડી લીધો ને સીતાની આગળ ઊભી રહીને કહ્યું : 'સીતાનો નાશ એટલી સહેલાઈથી નહિ કરી શકાય. એની ઉપર પ્રહાર કરતાં પહેલાં મારા પર પ્રહાર કરવો પડશે. હું જીવતી હોઈશ ત્યાંસુધી એને નહિ મરવા દઉં.'

રાવણે એને આઘી ખસેડવાનો પ્રયાસ કર્યો, પણ એ ન ખસી. (ક્રમશઃ)

# * પૂજક નહિ, પણ પૂજ્ય બનો. *

સાધારણ જેવી સફળતા મેળવીને બેસી રહેવાની વૃત્તિ આવકારદાયક નથી, ને સાધકે તેમાંથી બચવું જોઇએ. પોતાના ધ્યેયને કોઇએ હાથે કરીને નાનું કરી દેવાની જરૂર નથી. ધ્યેય જેટલું બને તેટલું વિશાળ જોઇએ. તેની પૂર્તિ માટે કાયમ તેમ જ એકધારો પુરુષાર્થ કરવો જોઇએ. સંસારમાં કેવા કેવા સમર્થ સંતો થઇ ગયા છે તેમનો વિચાર કરવો જોઇએ. તેમના જેવા ને તેમનાથી પણ અનેરા થવાની તમન્ના રાખવી જોઇએ. એ માટે ભારે જાગૃતિ, આત્મનિરીક્ષણ ને સુધારની જરૂર પડે છે. જીવનમાં જરૂરી પરિવર્તન કરવા પ્રયાસ કરવો પડે છે. એકની એક પરિસ્થિતિમાં જીવનનો સ્વભાવ છોડવો પડે છે. સાધકો એ ગુણ કેળવે તે જરૂરી છે. માણસોને આપણે મળીએ છીએ પણ તેમનામાં એવો ગુણ ભાગ્યે જ દેખાય છે. પરમાત્મા જેમ સંસારના સઘળા આઘાત પ્રત્યાઘાતથી પર છે, તેમ તે પણ સર્વ પ્રકારની પ્રગતિ તેમ જ પરિસ્થિતિની અસરથી પર રહે છે. કેટલાક માણસોમાં વ્યક્તિ-પૂજાની ભાવના દેખાય છે. બીજાની મહત્તાથી પ્રભાવિત થઇને તે તેમને માને છે, વખાણે છે, ને પૂજે છે. પરંતુ એથી આગળ વધીને, એવા ઉત્તમ ગુણોને વિકસાવીને મહત્તાની મૂર્તિ બનવા તૈયાર નથી થતા. પરિણામે તે બહુ બહુ તો પૂજક બને છે પણ પૂજ્ય નથી બની શકતા, ને પૂજ્ય થવા માટેની યોગ્યતા મેળવવાનું સ્વપ્નું પણ નથી સેવી શકતા.

યોગેશ્વરજી

# * પોતાની જાતને બરોબર જાણી લો *

અવિદ્યા એટલે શું? પોતાની જાતને ન જાણવી, તે અવિદ્યા છે. પોતાની જાતને ન જાણવી તે જ દુઃખનું કારણ છે. અને સુખનું કારણ શું? તો એ જ વાક્યને ઊલટાવીને વિચારીએ કે સુખનું કારણ પોતાની જાતને જાણવી તે છે. પોતાની જાતને જાણવી એટલે પરમાત્માને જાણવા. પોતાની જાત પરમાત્માથી તો જુદી નથી. જેમ એક તરંગ સિંધુથી તો જુદો નથી, એવી રીતે પોતાની જાત જે વિશાળ વિશ્વવ્યાપક છે, જેની અંદર આપણી પોતાની જાત છે જીવરૂપે, આત્મા-રૂપે તે પરમાત્માથી કાંઇ સર્વથા તો પૃથક્ છે જ નહીં. પરમાત્મા સિવાય તો એનું અસ્તિત્વ સંભવી શકતું નથી. તો પરમાત્માને જાણવાથી સુખ સાંપડે. પર-માત્માને ન જાણવાથી દુઃખના દાવાનળની અંદર માનવને બદ્ધ બની જવું પડે છે. અશાંતિના ઓળાઓ જીવનમાં ઉતરે, મોહ પણ પોતાને ન જાણવાથી જ પેદા થાય છે. જો પોતાને કોઇ જાણી લે, તો મોહ એને પેદા થતો જ નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.